PRGI NO. GJGUJ/25/A31283

# ન્યુઝ આઈ

Bharuch

દૈનિક

માલીક, પ્રકાશક, તંત્રી : નિરવ અનિલભાઈ પંડ્યા, મો.૯૪૨૯૯ ૪૭૭૯૯
Owner, Publisher, Editor: Nirav Anilbhai Pandya, Mo.:-94299 47799.
Volume/Year-01 ● Issue-81 ● Date: 15-04-2026 ● WEDNESDAY ● Page: 04 • Price: Rs.04/-
www.newseye.co.in

રજી. કાર્યાલય :- બી-૧૩, ભાવના ફાર્મ, રાજપીપલા રોડ, અંકલેશ્વર, જિ. ભરૂચ-૩૯૩૦૦૨.
Regd. Off. : B-13, Bhavna Farm, Rajpipla Road, Ankleshwer, Dist.Bharuch-393002.
Email:- newseyedaily26@gmail.com, newseye11@yahoo.com

# અમેરિકાએ અરબ સાગરમાં ઉતાર્યા જંગી જહાજો, ઓઈલ અંગે ચિંતા વધી

## ઈરાનની નાની ફાસ્ટ એટેક બોટ પણ અમારા જહાજોની નજીક આવવાની હિંમત કરશે, તો અમે તેમને ડ્રગ માફિયાઓની જેમ જડમૂળથી ખતમ કરી દઈશું

નવી દિલ્હી,તા.૧૪

ઈસ્લામાબાદમાં થયેલી શાંતિ વાટાઘાટો નિષ્ફળ રહ્યા બાદ હવે અમેરિકાએ ઈરાન વિરુદ્ધ 'ઓપરેશન બ્લોકેડ' શરૂ કરી દીધું છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશથી અરબ સાગર અને હોર્મુઝની ખાડીમાં અમેરિકી નૌકાદળના ૧૫થી વધુ વિધ્વંસક જહાજો તૈનાત કરવામાં આવ્યા છે. આ નાકાબંધીમાં અમેરિકાના અત્યાધુનિક સ્ટીલ્થ ફાઈટર જેટ્સ હ્વ-૩૫મ આકાશમાંથી ઈરાની ગતિવિધિઓ પર નજર રાખી રહ્યા છે.અમેરિકન સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, USS ત્રિપોલી (LHA ૭) ને ખાસ કરીને હવાઈ હુમલા અને નાકાબંધી માટે અરબ સાગરમાં ઉતારવામાં આવ્યું છે. આ જહાજ પરથી ૨૦થી વધુ F-35B જેટ્સ ઉડાન ભરી શકે છે. અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ માત્ર ઈરાનના બંદરો સાથે જોડાયેલા જહાજોને જ રોકશે, જ્યારે અન્ય દેશોના જહાજો માટે હોર્મુઝનો રસ્તો ખુલ્લો રહેશે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર ઈરાની નેવીની મજાક ઉડાવતા લખ્યું કે, ઈરાનની નેવીના ૧૫૮ જહાજો પહેલેથી જ નષ્ટ થઈ ચૂક્યા છે. જો ઈરાનની નાની ફાસ્ટ એટેક બોટ પણ અમારા જહાજોની નજીક આવવાની હિંમત કરશે, તો અમે તેમને ડ્રગ માફિયાઓની જેમ જડમૂળથી ખતમ કરી દઈશું. ટ્રમ્પના આ નિવેદનથી સ્પષ્ટ છે કે અમેરિકા હવે આરપારના મૂડમાં છે.પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં થયેલી અમેરિકા-ઈરાન વચ્ચેની મંત્રણા કોઈ પરિણામ વગર પૂરી થઈ છે, જેને કારણે તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.ઈરાનની સેનાએ ધમકી આપી છે કે જો તેમના તેલ નિકાસ કે બંદરોને નુકસાન થશે, તો તેઓ અરબ સાગર અને ઓમાનની ખાડીમાં કોઈપણ દેશના બંદરોને સુરક્ષિત રહેવા દેશે નહીં.

### દિલ્હીથી દેહરાદૂન એક્સપ્રેસ હાઈવે

# PM મોદીએ એશિયાના સૌથી લાંબા વાઈલ્ડલાઈફ કોરિડોરનું કર્યું લોકાર્પણ

## ૧૨,૦૦૦ કરોડના ખર્ચે બનેલો આ છ-લેનનો એક્સપ્રેસ-વે દિલ્હી, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડને એકબીજાની વધુ નજીક લાવશે




નવી દિલ્હી,તા.૧૪

ઉત્તર ભારતની કનેક્ટિવિટીમાં એક નવો અધ્યાય જોડાવા જઈ રહ્યો છે. PM નરેન્દ્ર મોદી મંગળવારે ૨૧૩ કિલોમીટર લાંબા દિલ્હી-દેહરાદૂન આર્થિક કોરિડોરનું ઉદ્ઘાટન કરશે. ૧૨,૦૦૦ કરોડના ખર્ચે બનેલો આ છ-લેનનો એક્સપ્રેસ-વે દિલ્હી, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડને એકબીજાની વધુ નજીક લાવશે.

ઉદ્ઘાટન પૂર્વે વડાપ્રધાન ધાર્મિક અને પર્યાવરણીય મુલાકાત પણ લેશે. વન્યજીવ કોરિડોર નિરીક્ષણ પણ તેઓ કરશે. વડાપ્રધાન સહારનપુર (UP) ખાતે એશિયાના સૌથી લાંબા વન્યજીવ એલિવેટેડ કોરિડોરની સમીક્ષા કરશે. સવારે ૧૧.૪૦ વાગ્યે દેહરાદૂન પાસે આવેલા પ્રસિદ્ધ જય મા દાત કાલી મંદિરમાં પૂજા-અર્ચના કરશે. બપોરે ૧૨.૩૦ વાગ્યે દેહરાદૂન ખાતે એક ભવ્ય સમારોહમાં એક્સપ્રેસ-વે દેશને સમર્પિત કરશે.

આ પ્રોજેક્ટ માત્ર ગતિ જ નહીં, પરંતુ સુરક્ષા અને આધુનિક ટેકનોલોજીનો સમન્વય છે. દિલ્હીથી દેહરાદૂન પહોંચવામાં અત્યારે ૬ કલાક લાગે છે, જે ઘટીને હવે માત્ર ૨.૫ કલાક થઈ જશે. આ ઉપરાંત મુસાફરોની સુરક્ષા માટે આ કોરિડોરમાં અત્યાધુનિક ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ લગાવવામાં આવી છે. આ પ્રોજેક્ટમાં ૧૦ ઈન્ટરચેન્જ, ૩ રેલવે ઓવર બ્રિજ (ROB), ૪ મોટા પુલ અને ૧૨ વે-સાઈડ સુવિધાઓનો સમાવેશ થાય છે. આ કોરિડોરની સૌથી મોટી વિશેષતા તેની ઈકો-ફ્રેન્ડલી ડિઝાઈન છે. રાજાજી નેશનલ પાર્ક અને આસપાસની જૈવવિવિધતાને ધ્યાનમાં રાખીને ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જેના કારણે તે એશિયાનો સૌથી લાંબો વાઈલ્ડલાઈફ કોરિડોર બને છે. વન્યજીવોની અવરજવર માટે ૧૨ કિલોમીટર લાંબો એલિવેટેડ રોડ બનાવવામાં આવ્યો છે. હાથીઓ માટે ૨૦૦ મીટર લાંબા બે ખાસ અન્ડરપાસ અને અન્ય પ્રાણીઓ માટે ૮ રસ્તાઓ બનાવ્યા છે. દાત કાલી મંદિર પાસે ૩૭૦ મીટર લાંબી આધુનિક સુરંગનું નિર્માણ કરાયું છે જેથી પહાડી પર્યાવરણને નુકસાન ન થાય. આ એક્સપ્રેસ-વે શરૂ થવાથી હરિદ્વાર, ઋષિકેશ અને દેહરાદૂન જેવા પર્યટન સ્થળોએ પહોંચવું સરળ બનશે. તે માત્ર મુસાફરી જ નહીં, પણ સમગ્ર પ્રદેશમાં વેપાર અને વિકાસના નવા દ્વાર ખોલશે. પીએમઓના જણાવ્યા મુજબ, આ પ્રોજેક્ટ વડાપ્રધાનના નેક્સ્ટ જનરેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિઝનને પ્રતિબિંબિત કરે છે.

# યુરોપના ૨૯ દેશમાં પાસપોર્ટ સ્ટેમ્પનો અંત




નવી દિલ્હી,તા.૧૪

યુરોપિયન યુનિયને વિઝાને લગતા નિયમોમાં મોટા પાયે ફેરફાર કર્યા છે. હવે યુરોપના દેશોમાં જતા પ્રવાસીઓએ EES સિસ્ટમ અનુસરવી પડશે, જેમાં પાસપોર્ટ પર સ્ટેમ્પ નહીં મારવામાં આવે, પરંતુ આંગળીના નિશાન અને ચહેરાનો ફોટો લેવામાં આવશે. આ નવી પદ્ધતિ ૧૦ એપ્રિલ, ૨૦૨૬થી ૨૯ દેશમાં સંપૂર્ણપણે અમલમાં આવી ગઈ છે.

EES એટલે એન્ટ્રી/એક્ઝિટ સિસ્ટમ. આ એક ડિજિટલ સિસ્ટમ છે, જે શેંગેન વિઝા પર આવતા-જતા યુરોપિયન યુનિયનના ન હોય તેવા મુસાફરોની નોંધ રાખે છે. તે તમારો ચહેરો, આંગળીના નિશાન અને પાસપોર્ટની માહિતી સ્કેન કરીને મૂકી દે છે. આ સિસ્ટમ હેઠળ પાસપોર્ટ પર સ્ટેમ્પની જરૂર જ નહીં રહે.

આ નિયમો ટૂંકા ગાળા માટે (સામાન્ય રીતે ૯૦ દિવસથી ઓછો સમય) મુસાફરી કરતા બધા બિન યુરોપિયન નાગરિકો માટે છે. એટલે કે, ભારત અને અમેરિકા સહિત યુરોપિયન યુનિયનની બહારના લગભગ તમામ દેશના નાગરિકોને આ નિયમ લાગુ પડે છે. યુરોપિયન યુનિયનના નાગરિકો, ત્યાંના કાયમી રહેવાસીઓ અને લાંબા ગાળાના વિઝા ધારકોને તેમાંથી મુક્તિ મળે છે. આયર્લેન્ડ અને સાયપ્રસ પણ આ સિસ્ટમનો ભાગ નથી.આ ૨૯ દેશની મુલાકાત લેતી વખતે પ્રવાસીઓનો પાસપોર્ટ સ્કેન કરાશે, ડિજિટલ ફોટો લેવાશે અને બધી ૧૦ આંગળીના નિશાન પણ લેવાશે. ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને આંગળીના નિશાન આપવાની જરૂર નથી, પરંતુ તેમનો ફોટો લેવાશે. જો કોઈ આ ડેટા આપવાનો ઈનકાર કરે, તો તેને યુરોપમાં પ્રવેશ નહીં મળે. પ્રવાસીઓની આ બાયોમેટ્રિક માહિતી સિસ્ટમમાં ૩ વર્ષ સુધી સાચવી રાખવામાં આવશે. એક વાર નોંધણી થઈ ગયા પછીની મુલાકાતો વખતે પ્રવાસીએ ફક્ત આંગળીના નિશાન અથવા ચહેરો બતાવવાનો રહેશે. આ રીતે પ્રવાસીઓની મુસાફરી ઝડપી બની જશે. આ સિસ્ટમનું સંચાલન EU-LISA સંસ્થા કરે છે, જે યુરોપના ડેટા સુરક્ષા નિયમોનું પાલન કરે છે.

આ સિસ્ટમ ૧૨ ઓક્ટોબર, ૨૦૨૫થી તબક્કાવાર શરૂ કરાઈ હતી. યુરોપિયન કમિશનના જણાવ્યા મુજબ, અત્યાર સુધીમાં ૪.૫ કરોડથી વધુ આવાગમનની નોંધણી થઈ ચૂકી છે. આ સિસ્ટમને કારણે ૨૪,૦૦૦થી વધુ લોકોને પ્રવેશ નકારવામાં આવ્યો છે અને ૬૦૦થી વધુ લોકોને સુરક્ષાની દૃષ્ટિએ જોખમી ઠેરવવામાં આવ્યા છે.જો તમે નજીકના ભવિષ્યમાં યુરોપ જવાના હોવ, તો તમારે લાંબી કતારોમાં ઊભા રહેવા માટે તૈયાર રહેવું પડશે. એરપોર્ટ્સ કાઉન્સિલ ઈન્ટરનેશને ચેતવણી આપી છે કે, આ સિસ્ટમથી વ્યસ્ત સમયમાં ૩ કલાક સુધીની કતાર લાગી શકે છે. તેમણે દાવો કર્યો છે કે, આ કારણસર ઈટાલીના પીસા એરપોર્ટ પર હાલમાં જ કેટલાક લોકોએ ૫ કલાક સુધી કતારમાં ઊભા રહેવું પડ્યું હતું.

હા, યુરોપિયન બોર્ડર એન્ડ કોસ્ટ ગાર્ડ એજન્સી ફ્રન્ટેક્સે 'ટ્રાવેલ ટુ યુરોપ' નામની એપ બનાવી છે.

# અમેરિકા ૨૦ વર્ષ માટે પરમાણુ કાર્યક્રમ રોકવા મક્કમ

નવી દિલ્હી,તા.૧૪

વૈશ્વિક રાજકારણમાં જેની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી તેવી અમેરિકા અને ઈરાન વચ્ચેની શાંતિ વાર્તાના પ્રથમ દિવસે જ નિરાશા હાથ લાગી છે. ઈસ્લામાબાદમાં મળેલી આ ઐતિહાસિક બેઠકમાં ઈરાને અમેરિકાની શરતો માનવાનો ઈનકાર કરી દેતા વાટાઘાટો હાલ પૂરતી અટકાવી દેવામાં આવી છે.

આ વાટાઘાટો નિષ્ફળ જવાનું સૌથી મોટું કારણ ઈરાનનો પરમાણુ એનરિચમેન્ટ પ્રોગ્રામ છે. અમેરિકા ઈચ્છતું હતું કે ઈરાન તેના પરમાણુ પ્રોગ્રામને આગામી ૨૦ વર્ષ માટે સંપૂર્ણપણે ફ્રીઝ (સ્થગિત) કરી દે. ઈરાન માત્ર ૫ વર્ષ માટે જ આ પ્રોગ્રામ રોકવાની ડીલ ઓફર કરી રહ્યું હતું. અહેવાલો અનુસાર હવે બંને પક્ષો સાડા બાર વર્ષ ની મર્યાદા પર સહમતિ સાધવા પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ હજુ સત્તાવાર કોઈ જાહેરાત થઈ નથી.

અત્યાર સુધી અમેરિકા એવા કડક વલણ પર હતું કે, ઈરાન ઘરેલું સ્તરે એનરિચમેન્ટ કરી જ ન શકે, કારણ કે તેનાથી પરમાણુ હથિયારો બનાવવાનો માર્ગ મોકળો થાય છે. જોકે, આ બેઠકમાં અમેરિકા આ મુદ્દે થોડું નરમ પડ્યું હોય તેમ જણાય છે, પરંતુ સમયગાળા મુદ્દે હજુ પણ મામવો ફસાયેલો છે.

આ શાંતિ વાર્તા ઈસ્લામાબાદની લક્ઝરી સેરેના હોટલમાં યોજાઈ હતી, જ્યાં સુરક્ષા અને ગોપનીયતાના અત્યંત કડક નિયમો હતા. હોટલના બે અલગ-અલગ વિંગમાં બંને દેશોના અધિકારીઓ રોકાયા હતા. પાકિસ્તાની મધ્યસ્થીઓ સાથેની ટ્રાઈલેટરલ (ત્રિપક્ષીય) મીટિંગ માટે કોમન એરિયાનો ઉપયોગ થયો હતો. મીટિંગ રૂમમાં કોઈને પણ ફોન લઈ જવાની મંજૂરી આપવામાં આવી ન હતી.

અમેરિકી પ્રતિનિધિ જે.ડી વેન્સે જાહેરાત કરી છે કે, ઈરાન શરતો ન માનતું હોવાથી વાર્તા સ્થગિત કરવામાં આવે છે. જોકે, બીજી તરફ કેટલાક ઉચ્ચ અધિકારીઓ અને વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ્સ દાવો કરે છે કે પડદા પાછળ હજુ પણ વાતચીત ચાલુ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૯૭૯નીશરતો ન માનતું હોવાથી વાર્તા સ્થગિત કરવામાં આવે છે. જોકે, બીજી તરફ કેટલાક ઉચ્ચ અધિકારીઓ અને વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ્સ દાવો કરે છે કે પડદા પાછળ હજુ પણ વાતચીત ચાલબીજી તરફ કેટલાક ઉચ્ચ અધિકારીઓ અને વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ્સ દાવો કરે છે કે પડદા પાછળ હજુ પણ વાતચીત ચાલુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિ પછી આ બંને દેશો વચ્ચેની આ સૌથી મોટી શાંતિ મંત્રણા માનવામાં આવે છે. જો આ વાટાઘાટો સંપૂર્ણપણે નિષ્ફળ જશે, તો મધ્ય પૂર્વમાં તણાવ ફરી વધી શકે છે.

# વેદાંતા પાવર પ્લાન્ટમાં બોઈલર ફાટતાં ૧૦ના મોત, ૪૦થી વધુ શ્રમિકો દાઝ્યા

રાંચી,તા.૧૪

છત્તીસગઢમાં વેદાંતા પાવર પ્લાન્ટમાં બોઈલર ફાટતાં ભયાનક વિસ્ફોટ થયો છે. રિપોર્ટ મુજબ, આ ઘટનામાં ૧૦થી વધુ શ્રમિકોના મોત થયા હોવાની અને ૩૦થી ૪૦ શ્રમિકો દાઝ્યા હોવાની માહિતી સામે આવી છે, જેના કારણે મોતનો આંકડો વધવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્યના સક્તિ જિલ્લામાં સિંઘીતરાઈ ગામમાં વેદાંતાના પાવર પ્લાન્ટમાં આજે અનેક શ્રમિકો કામ કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક બોઈલર ફાટ્યા બાદ જોરદાર ધડાકો થયો હતો. જેના કારણે અહીં આખા વિસ્તારમાં અફરા-તફરી મચી ગઈ છે.

ઘટનામાં ૧૦થી વધુ લોકોના મોત થયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ ઉપરાંત ૩૦થી ૪૦ શ્રમિકો ગંભીર રીતે દાઝ્યા હોવાથી મોતનો આંકડો વધવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. વિસ્ફોટ એટલો ભયાનક હતો કે, દૂર દૂર સુધી તેનો અવાજ સંભળાયા બાદ આસપાસના ગામડાંઓમાં દહેશત ફેલાઈ ગઈ હતી.




# તંત્રી લેખ

## કરકલેશ

ગુજરાતના લોકો અને મહારાષ્ટ્ર વચ્ચે જે સંબંધ છે એવો સંબંધ પંજાબ અને હિમાચલ પ્રદેશના લોકો વચ્ચે છે. ચંદીગઢ ઉત્તર ભારતનું સૌથી મોટું બિઝનેસ સેન્ટર છે. એટલે પડોશી હિમાચલ પ્રદેશના અનેક નવયુવાનો અહીં કારકિર્દી ઘડે છે. સિમલા અને ચંદીગઢ વચ્ચે સોએક કિલોમીટરનું અંતર છે જે બહુ નિકટ કહેવાય. ત્રણ-ચાર કલાકની સફર. એને કારણે બન્ને શહેરોની એકબીજામાં આવન-જાવન અને પરસ્પરાવલંબન બહુ વધારે છે. હવે આ બન્ને પડોશી રાજ્યો વચ્ચે વિવાદ શરૂ થયો છે. અસલ અર્થમાં પંજાબ અને હિમાચલ પ્રદેશ વચ્ચે સીમા પ્રવેશ શુલ્કને લઈને ચાલી રહેલો વિવાદ દેશના સંઘીય માળખામાં રહેલી એક ગંભીર ખામી પર પ્રકાશ પાડે છે. આ વિવાદ દર્શાવે છે કે રાજ્યોની આવકની જરૂરિયાતો અને આંતરરાજ્ય અવરજવરના સિદ્ધાંતો વચ્ચે ટકરાવનાં કારણો આટલાં વરસો પછી હજુ પણ હયાત છે.હકીકત એ છે કે હિમાચલ પ્રદેશ હાલમાં આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. પોતાની આવક વધારવા માટે રાજ્ય સરકારે અન્ય રાજ્યોમાંથી આવતાં વાહનો પર પ્રવેશ શુલ્ક લગભગ બમણું કરવાની જાહેરાત કરી છે. આ વધારાની પંજાબને ગંભીર અસર એટલે છે કે રોજના અસંખ્ય લોકો ચંદીગઢથી હિમાચલના વિવિધ સ્થળે અવરજવર કરે છે. મૂળભૂત રીતે તો હિમાચલ પ્રદેશે આ નિર્ણય પોતાના આવક સ્રોતોને મજબૂત કરવા માટે લીધો હતો, ત્યારે આર્થિક નિર્ણય પછી રાજકીય અને આથક વિવાદનું સ્વરૂપ ધારણ કરી ગયું છે. આ નિર્ણયથી સૌથી વધુ અસરગ્રસ્ત પંજાબે પણ હિમાચલનાં વાહનો પર સમાન કર વધારવાની ચેતવણી આપી છે. હકીકતમાં હિમાચલ સરકારનો આ નિર્ણય દુરદર્શિતાનો અભાવ દર્શાવે છે. હિમાચલ પ્રદેશની અર્થવ્યવસ્થા મોટા પાયે પર્યટન ઉદ્યોગ પર નિર્ભર છે.આવા સમયમાં આ પગલું રાજ્યના પર્યટન ક્ષેત્ર પર નકારાત્મક અસર પેદા કરી શકે છે.

વધારેલા પ્રવેશ શુલ્કથી પ્રવાસીઓ પર વધારાનો બોજ પડી શકે છે, ખાસ કરીને પંજાબ જેવા પાડોશી રાજ્યમાંથી આવતા ઓછા બજેટવાળા પ્રવાસીઓ પર, કે જેઓ વીકેન્ડમાં આવતા પ્રવાસીઓનો મોટો હિસ્સો હોય છે. આવા પ્રવાસીઓ નિરાશ થઈ શકે છે અને વિકલ્પરૂપે અન્ય પર્વતીય પર્યટન સ્થળોની પસંદગી કરી શકે છે. વર્તમાન સ્પર્ધાત્મક પર્યટન પરિસ્થિતિમાં કર વધારાથી પ્રવાસીઓ અન્ય વિકલ્પો તરફ વળી શકે છે. રાજ્ય દ્વારા પછી આ કરવધારા અંગે પુનર્વિચાર કરવાનો નિર્ણય લેવો જરૂરી છે, પણ હિમાચલ સરકાર મચક આપે એમ લાગતું નથી. આ ઉપરાંત, બે રાજ્યો વચ્ચે આવા કરવધારા જેવા નિર્ણયો ખૂબ જ વિચારપૂર્વક લેવાં જરૂરી છે. હિમાચલ પ્રદેશ આર્થિક પડકારોનો સામનો કરી રહ્યું છે તે સમજતાં, પંજાબની પ્રતિક્રિયા વધુ સંવેદનશીલ હોવી જોઈતી હતી. આંતરરાજ્ય સંબંધોને ટકરાવની જગ્યાએ સંવાદ દ્વારા ઉકેલવાની જરૂર છે.

# પ્રાણીઓના જીવંત શરીરમાં વિદ્યમાન આત્મ-તત્ત્વને પુરવાર કરતા પ્રયોગો



અણોરણીયાન્મહતો મહીયા નાત્માસ્ય

જન્તોર્નિહિતો ગુહાયામ્ ।

તમક્રતુ : પશ્યતિ વીત શોકોધાતુ પ્રસાદાન્મહિમાન માત્મન : ॥

અ ણુથી પણ વધારે સૂક્ષ્મ, મોટા બ્રહ્માડથી પણ મોટો આ આત્મા પ્રાણીઓની અંત : કરણ રૂપી ગુફામાં રહેલો છે. જ્યારે મનુષ્ય પોતાને કામાદિ સંકલ્પોથી રહિત અને શોક મુક્ત કરી લે છે ત્યારે તે તેને નિહાળી શકે છે. માનસિક પ્રવૃત્તિઓની શુદ્ધિથી આવેલી નિર્મળતાથી તે આત્મ-સત્તાના મહિમાને જુએ છે.

- કઠોપનિષદ, અધ્યાય-૧, વલ્લી-૨, શ્લોક-૨૦

કઠોપનિષદમાં આત્માના ગૂઢ રહસ્યોને અનાવૃત્ત કરવામાં આવ્યા છે. તેના દ્વિતીય અધ્યાયની પ્રથમ વલ્લીના બારમા-તેરમા શ્લોકોમાં દર્શાવવામાં આવ્યું છે - અંગુષ્ઠ માત્ર : પુરુષો મધ્ય આત્મનિ તિષ્ઠતિ । ઈશાનો ભૂત ભવ્યસ્ય ન તતો વિજુપ્સતે ॥ એતદ્ વૈ તત્ ॥ અંગુષ્ઠ માત્ર : પુરુષો જ્યોતિરિવાધૂમક : । ઈશાનો ભૂતભવ્યસ્ય સ એવાદ્ય સ ઉ શ્વ : ॥ એતદ્ વૈ તત્ । માત્ર અંગુઠા જેટલું કદ ધરાવતો એ પરમ પુરુષ દેહની અંતઃકરણ રૂપી ગુફામાં રહીને ભૂતકાળ, ભવિષ્યકાળ વગેરે કાળમાં બધા પર શાસન કરે છે. આત્માની મધ્યમાં રહેતા તે પરમેશ્વરને જાણી લેવાથી મનુષ્ય કોઈની ઘૃણા કરતો નથી. તે અંગૂઠા જેટલા માપવાળો પુરુષ અત્યંત ઉજ્જ્વળ પ્રકાશ સમાન છે અને બધા કાળ તથા સ્થાન પર શાસન કરે છે.કઠોપનિષદ અને શ્વેતાશ્વતર ઉપનિષદના શ્લોકોમાં દર્શાવવામાં આવ્યું છે કે ઈશ્વરના અંશ રૂપ આત્મા અત્યંત ઉજ્જ્વળ, દૈદીમ્યમાન પ્રકાશ જેવો (જ્યોતિ : ઈવ અધૂમકઃ) છે. પ્રાણીઓના શરીરની આસપાસ જે ઓરા (આભામંડળ કે પ્રકાશ વર્તુળ) જોવા મળે છે તે આ આત્માના પ્રકાશથી જ પ્રગટ થતું હોય છે. વિજ્ઞાનની પરિભાષામાં આ પ્રકાશવર્તુળને બાયોપ્લાઝમા કહેવામાં આવે છે 'ધ હ્યુમન એટમોસ્ફિયર' પુસ્તકના લેખક, લંડનની સેન્ટ થોમસ હોસ્પિટલના શરીર વિજ્ઞાની ડૉ. જ્હોન કિલ્નરને વર્ષો પૂર્વે એક અદ્દભુત વસ્તુ જોવા મળી. તેમના દૂરબીન જેવા સૂક્ષ્મદર્શક યંત્રમાં તેમને દરદીના શરીરમાંથી નીકળતો એક વિશેષ પ્રકારના રંગનો પ્રકાશ જોવા મળ્યો. તે તેને નિહાળી રહ્યા હતા ત્યાં જ એકાએક એમના ધ્યાનમાં આવ્યું કે તે રંગનો પ્રકાશ ધીમે ધીમે ઝાંખો થઈ રહ્યો છે. થોડીવારમાં તો તે પ્રકાશ અદ્રશ્ય થઈ ગયો. તેમણે તરત દરદી પાસે જઈને જોયું તો દરદીનું મરણ થઈ ગયું હતું. તેના પરથી તેમણે નિષ્કર્ષ કાઢ્યો કે તે દરદી જીવતો હતો ત્યાં સુધી રંગોનું આભામંડળ દેખાતું હતું, તે મરણની નજીકની સ્થિતિમાં પહોંચ્યો ત્યારે તે પ્રકાશવર્તુળ ઝાંખુ થઈ ગયું અને મરણ પામ્યો ત્યારે પ્રકાશ કિરણો શરીરમાંથી બહાર નીકળતા બંધ થઈ ગયા. એના શરીરમાંથી આત્મ ચેતના જતી રહી ત્યારે તેની પ્રાણ જ્યોતિ પણ લુપ્ત થઈ ગઈ.અમેરિકાના વિખ્યાત મનોવિજ્ઞાની વિલિયમ મેકડુગલે પણ આત્મ-ચેતનાના અસ્તિત્વ વિશે વધુ પ્રયોગો કરવાનું નક્કી કર્યું. હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રાધ્યાપક મેકડુગલ પૂર્વે જે.બી-રહાઈન સાથે ડયુક યુનિવર્સિટીની પેરાસાઈકોલોજી લેબોરેટરીમાં તેમના સહાયક બની ગણા સંશોધનો કરી ચૂક્યા હતા. આ નવું સંશોધન કરવા તેમણે શક્તિશાળી સાધનો અને પ્રયોગોનું માળખું તૈયાર કર્યું. તેમણે દરદીઓનું એકદમ ચોક્કસ વજન કરવા માટે વિશિષ્ટ વજનકાંટો બનાવડાવ્યો જે પલંગ પર સૂતેલા દરદીના એક ગ્રામથી પણ સેંકડો માત્રામાં ઘટેલા વજનને માપી શકતો હતો. પછી તેમણે મરણાસન્ન એવા એક દરદીને તેના પર સુવાડી તેના વજનની સતત નોંધ લેવાની શરૂ કરી. તેના ફેફસામાં કેટલો શ્વાસ ભરેલો છે તેનું વજન પણ પહેલા કરી લેવામાં આવ્યું. એના કપડાનું વજન, પલંગનું વજન એ બધી વસ્તુઓની અત્યંત તકેદારીપૂર્વક નોંધ કરી લેવામાં આવી. સ્વાભાવિક રીતે એનું ભોજન, પાણી, દવા વગેરેનું વજન પણ નોંધી લેવાનું. તે દરદી જીવતો હતો ત્યાં સુધી વજનકાંટાની સોય એક ચોક્કસ આંકડા પર સ્થિર હતી પણ તે જેવો મરણ પામ્યો એ જ પળે તે થોડી પાછળ ખસી ગઈ. પહેલાનું વજન અને મરણ પછીનું વજન બારીકાઈથી ચકાસવામાં આવ્યું તો એક ઔંસ (એડધા નવટાંક) જેટલું વજન ઓછું થઈ ગયેલું જોવા મળ્યું. પછી તેમણે બીજા અનેક દરદીઓ પર આ પ્રયોગ કર્યો. જેટલા પણ મરણની નિકટ પહોંચેલા દરદીઓનું વજન કર્યું તેમાં ચોથા ભાગના ઔંસથી માંડીને દોઢ ઔંસ સુધીનું વજન ઓછું થઈ જતું જોયું. આના આધારે તેમણે એ સિદ્ધાંતનું સમર્થન કર્યું કે શરીરમાં કોઈ અત્યંત સૂક્ષ્મ તત્ત્વ જરૂર હોય છે જે જીવનનો આધાર છે.સેલ મેટાબોલિઝમ એન્ડ બ્રેન બિલ્ડિંગ, મેથડસ, ઓફ રીસર્ચ એન્ડ ઈમ્પોર્ટન્સ, ઓફ સેલ્યુલર સાઈકોલોજી, ધ સાયન્સ ઓફ મેન્ટેશન, ધ આર્ટ ઓફ માઈન્ડ બિલ્ડિંગ, ઓન ધ ટ્રાન્સપરન્સી ઓફ ધ એનિમલ બોડી ટુ ઈલેકિટ્રક એન્ડ લાઈટ વેવ્ઝ જેવા અનેક પુસ્તકોના લેખક, અમેરિકન, વિજ્ઞાની એલ્મર ગેટસના પ્રયોગોએ પણ નવા કિરણોની માહિતી આપી આત્મ-ચેતનાના અસ્તિત્વના સિદ્ધાંતને સમર્થન આપ્યું છે.

આ કિરણો કથ્થઈ રંગના દેખાય છે. આ કિરણોનો પ્રકાશ અંધારામાં દેખાતો નથી અને નરી આંખે પણ જોઈ શકાતો નથી. જ્યારે તેમણે પ્રયોગશાળાના ઓરડાની દીવાલોને રોડોમ્પ્સીન નામના પ્રોટિન પદાર્થથી લેપી દીધી તો જોયું કે એ કિરણોના પ્રભાવથી એનો રંગ બદલાઈ જાય છે. આ કિરણોમાં અત્યંત પારગામીપણું એટલે કે આરપાર નીકળી જવાનો ગુણધર્મ છે. તે હાડકાં, ધાતુ, પથ્થર, લાકડાને વીંધીને પણ બહાર નીકળી જાય છે. પણ ભારે વિસ્મયની વાત એ છે કે તે જીવતા પ્રાણીના શરીરને વીંધીને બહાર નીકળી શકતા નથી.ડૉ. એલ્મર ગેટસે જેનું મરણ અત્યંત નિકટ હતું તેવા એક ઉંદર પર પ્રયોગ કર્યો. તેને એક પ્રયોગ કરવાના પાત્રમાં મૂકી એના પર એ કિરણો નાખવામાં આવ્યા તો દીવાલ પર એની છાયા જોવા મળી એટલે એનાથી એ સાબિત થયું કે તે કિરણો ઉંદરના શરીરની આરપાર નીકળી ના શક્યા. પણ થોડીવાર જ્યારે તેનું મરણ થયું તે વખતે એ કિરણો ફેંકાયા તો દીવાલ પર એની છાયા જોવા ના મળી એટલે એનો અર્થ એવો થયો કે એ કિરણો મરેલા શરીરની આરપાર નીકળી ગયા ! બીજી એક અદ્દભુત બાબત એ જોવામાં આવી કે જે કસનળીમાં તે ઉંદરને રાખવામાં આવ્યો હતો એના શરીરમાંથી પણ એક છાયા બહાર નીકળી રોડોપ્સિનથી લેપેલી દીવાલ તરફ જઈને થોડે દૂર ઉપર તરફ જઈ લુપ્ત થઈ ગઈ. ડૉ. એલ્મર ગેટસ જણાવે છે કે ઉંદરના શરીરમાંથી મરણ વખતે નીકળેલ પ્રકાશ કિરણો આત્મ-જ્યોતિના હતા એવું માનવું જ પડે.ડૉ. ગેટસના મનમાં એવો પ્રશ્ન ઉદ્દભવ્યો કે આ કિરણો માટે પ્રાણીઓનું જીવંત શરીર કેમ પારગામી નથી હોતુ? એનો જવાબ મેળવવા એમણે પ્રયત્ન કર્યો. પહેલાં તેમણે એક જીવિત વ્યક્તિના શરીરમાં સંચાલિત થતા વિદ્યુત તરંગોની શક્તિને ગેલ્વેનોમીટર દ્વારા માપી. તે પછી પેલા કથ્થઈ રંગના આત્મ-જ્યોતિના કિરણોની શક્તિને માપી. એ વખતે એવું જોવામાં આવ્યું કે માનવીના શરીરની વિદ્યુત શક્તિ વધારે શક્તિશાળી હતી. એને લીધે જ જ્યારે રાતા કિરણો એની પાસે પહોંચે છે ત્યારે તે એને દૂર હડસેલી દે છે. જ્યારે શરીરમાં આત્માની શક્તિ રૂપ પ્રાણ વિદ્યુત નથી હોતી ત્યારે તે સહેલાઈથી શરીરની આરપાર નીકળી જાય છે. આવા અનેક પ્રયોગો એ પુરવાર કરે છે કે પ્રાણીઓના જીવંત શરીરમાં આત્મ તત્ત્વ વિદ્યમાન હોય છે.

# સોનમ બાજવાને કારણે ફેનની સગાઈ તુટી ગઈ : સોનમનો ખુલાસો

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૪

સોનમ બાજવાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં એક અજીબ ઘટના વિશે વાત કરી, સોનમે કહ્યું કે એક વાર મહિલાએ તેની પાસે આવીને કહ્યું કે તેની રિલેશનશિપ તૂટવા માટે સોનમ જવાબદાર છે.સોનમ બાજવા તાજેતરમાં એક ઓટીટી શો પર આવી હતી. જ્યાં તેણે એક એવી ઘટના વિશે વાત કરી કે જેમાં તેને કોઈની સગાઈ તૂટવા માટે જવાબદાર ગણવામાં આવી હતી.ચર્ચા દરમિયાન સોનમે કહ્યું, ‘‘એક છોકરી મારી પાસે આવી અને પૂછ્યું, ‘શું તમે સોનમ બાજવા છો?’ મેં કહ્યું હા, તો તેણે કહ્યું, ‘મારે તમને કંઈક કહેવું છે.’ તેણે કહ્યું કે મારાં કારણે તેની સગાઈ તૂટી ગઈ. હું થોડું કન્ફ્યુઝ થઈ ગઈ— મને સમજાતું નહોતું કે ‘મારે સોરી કહેવું જોઈએ કે નહીં’, હું બહુ જ આશ્ચર્યમાં હતી! પછી તેણે કહ્યું, ‘પણ હવે હું બહુ ખુશ છું અને મારી બીજી વ્યકિત સાથે સગાઈ થઈ ગઈ છે.’’’તેણે આગળ જણાવ્યું કે શા માટે મહિલાએ સગાઈ તોડી, ‘‘તેણે કહ્યું, ‘હું હવે બહુ ખુશ છું. મેં તે વ્યક્તિ સાથેની સગાઈ તોડી કારણ કે તે તમારી પાછળ પાગલ હતો અને તે ઈચ્છતો હતો કે હું તમારા જેવી લાગું. તે ઈચ્છતો હતો કે મારું શરીર પણ તમારા જેવું હોય. આ બધું મારા માટે બહુ વધારે હતું, તેથી મેં સગાઈ તોડી નાખી. પણ હવે હું જે વ્યક્તિ સાથે છું તે મને ખરેખર ખૂબ પ્રેમ કરે છે.’’’સોનમે જણાવ્યું કે તેણે તે મહિલાને કહ્યું કે તે તેના માટે ખુશ છે. સોનમ બાજવાએ પોતાની કેરિયરની શરૂઆત મોડેલ તરીકે કરી હતી અને પછી ફિલ્મોમાં પ્રવેશ કર્યો.

# મુકત અર્થતંત્રમાં કામ કરવાનું પસંદ કરતી બહુરાષ્ટ્રીય કંપનીઓની નજર હવે ભારત તરફ

દેશના માળખાકીય ક્ષેત્રના વિકાસ તથા કેપિટલ એકાઉન્ટ બેલેન્સ વધારવા ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ) ઈન્ફલોસ સતત વધતો રહે તે મહત્વનું છે. કોરોનાના કાળ તથા ભૌગોલિકરાજકીય અશાંતિ વચ્ચે પણ દેશમાં એફડીઆઈ પ્રવાહમાં સ્થિરતા જોવા મળી છે. વર્તમાન સદીના પ્રારંભથી તે ગયા નાણાં વર્ષના અંત સુધીમાં ભારતે એકંદર ૮૪૭ અબજ ડોલરનું એફડીઆઈ મેળવ્યું છે. વાર્ષિક ધોરણે જોવા જઈએ તો ગયા નાણાં વર્ષમાં સૌથી વધુ એફડીઆઈ પ્રાપ્ત થયું હતું. કોરોનાને કારણે ચીન પ્રત્યેના વિશ્વના રોષનો ભારતને એફડીઆઈમાં લાભ થયાનું માનવામાં આવે છે. ૧૯૯૦ના દાયકાથી જ્યારથી દેશના અર્થતંત્રને ખુલ્લું મૂકી દેવાયું છે ત્યારથી અનેક વિદેશી કંપનીઓએ ભારતમાં અબજો ડોલરનું એફડીઆઈ કર્યું છે. એમાંય છેલ્લા એક દાયકા કરતા વધુ સમયથી ઈ-કોમર્સ ક્ષેત્રે જંગી એફડીઆઈ જોવાયું છે. ભારતને વૈશ્વિક મૂલ્ય સાંકળમાં ઉત્પાદક મથક, વિકસી રહેલી ઉપભોગ બજાર તથા સરકારી અને ખાનગી ક્ષેત્રમાં ડિજિટલ પરિવર્તનનું વૈશ્વિક આગેવાન તરીકે જોવામાં આવી રહ્યું છે.વર્તમાન સરકાર જ્યારે અગાઉ ૨૦૧૪માં અને પછી ૨૦૧૯માં સત્તા પર આવી ત્યારથી તેની પાસે ઘણી અપેક્ષા રાખીને વિદેશી રોકાણકારોએ અગાઉની સરકારના સમયગાળાની સરખામણીએ દેશમાં નોંધપાત્ર રોકાણ પ્રવાહ વધાર્યો છે.વિદેશમાંથી રોકાણ પ્રવાહ આકર્ષવા કોઈ દેશ માટે વૈશ્વિક ક્રેડિટ રેટિંગ એજન્સીઓના રેટિંગ્સનું મહત્વ રહેલું છે. આજના વૈશ્વિકીકરણના ઢાંચામાં દરેક રાષ્ટ્ર પોતાની પ્રતિષ્ઠા વિશ્વમાં હકારાત્મક રહે તેવી ઈચ્છા રાખતું હોય છે. કોઈ દેશના રેટિંગ્સ તે દેશના ઉદ્યોગો માટે પણ મહત્વના બની રહે છે. વિદેશમાંથી નાણાં ઊભા કરવા જતી કંપનીઓ તે કયા દેશની છે અને તે દેશ નાણાંકીય રીતે કેટલો સદ્ધર છે તેનો વૈશ્વિક રોકાણકારો રોકાણ કરતા પહેલા અંદાજ મેળવી લેતા હોય છે. રેટિંગ્સ મોરચે સાનુકૂળ સ્થિતિ ધરાવતું હોવાને કારણે પણ એફડીઆઈમાં ગયા નાણાં વર્ષમાં વધારો જોવા મળ્યો છે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં ભારતે ભલે આગળ પડતું સ્થાન મેળવ્યું હોય પરંતુ જ્યાં સુધી દેશમાં એફડીઆઈમાં વધારો જળવાઈ નહી રહે ત્યાંસુધી ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ જેવા પ્રમાણપત્રો શોભાના ગાંઠીયા જેવા બની રહેશે એ પણ એક હકીકત છે. આગામી પાંચ વર્ષમાં ભારતમાં ૪૭૫ અબજ ડોલરનું એફડીઆઈ આવવાની ધારણાં છે. સુધારા કાર્યક્રમો અને આર્થિક વિકાસ પર ભારતના ખાસ ધ્યાનને કારણે બહુરાષ્ટ્રીય કંપનીઓ (એમએનસી) પોતાના વૈશ્વિક વિસ્તરણ માટે ભારતને આકર્ષક ઈન્વેસ્ટમેન્ટ મથક તરીકે જોઈ રહી છે.આગામી ત્રણથી પાંચ વર્ષમાં ભારતનું અર્થતંત્ર સારી કામગીરી દર્શાવતું હશે એમ ઈવાય-સીઆઈઆઈ દ્વારા હાથ ધરાયેલા એક સર્વેમાં મોટાભાગની એમએનસીએ મત વ્યકત કર્યો હોવાનું જણાયું હતું. સર્વેમાં ભાગ લેનારી એમએનસીમાંથી ૯૬ ટકા એમએનસીએ ભારતની ક્ષમતા સંદર્ભમાં હકારાત્મકતા દર્શાવી હતી.

જીએસટીની અસરકારકતા, ડિજિટલ માટે સરકારના આગ્રહ તથા વેરા મોરચે પારદર્શીતા સહિતના સુધારા કાર્યક્રમોને કંપનીઓ દ્વારા બિરદાવાયા હતા. વર્તમાન નાણાં વર્ષમાં દેશમાં ૧૦૦ અબજ ડોલરનું એફડીઆઈ આવવાની સરકારને અપેક્ષા છે. પોતાના સુધારા કાર્યક્રમોને ધ્યાનમાં રાખી સરકારે આ અપેક્ષા રાખી છે.ચીનમાં હવે જ્યારે ઝી જિનપિંગનું શાસન ફરી પ્રસ્થાપિત થયું છે ત્યારે ચીનમાં કાર્યરત બહુરાષ્ટ્રીય કંપનીઓની ચિંતામાં વધારો થયાનું જણાવાઈ રહ્યું છે. જિનપિંગ એક સામ્યવાદી માનસ ધરાવતા હોવાની ઉદ્યોગોમાં છાપ છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ મોટેભાગે મુકત અર્થતંત્રમાં કામ કરવા પસંદ કરતી હોવાથી તેમને હવે ચીન કરતા વેપાર કરવા માટે ભારત વધુ સાનુકૂળ મથક જણાઈ રહ્યું છે.

કોરોના તથા રશિયા-યુક્રેન યુદ્ધની અસર બાદ હવે ચીનમાં જિનપિંગના શાસનને કારણે બદલાઈ રહેલા વિશ્વ વેપાર સંબંધોને પરિણામે ભારત માટે વિપુલ તકો ઊભી થઈ છે એમાં શંકાને કોઈ સ્થાન નથી. આ તક ત્યારે જ સંપૂર્ણ રીતે ફળીભૂત થઈ શકશે જ્યારે બહારના ઉદ્યોગોની ચિંતાઓને ખાસ કરીને શ્રમ સુધારા ક્ષેત્રે તથા પર્યાવરણ સંબંધી ચિંતાઓ દૂર કરવામાં આવશે. જટિલ શ્રમ કાયદાઓને કારણે ભારતે અનેક વખત દ્વીપક્ષી કરારમાંથી પીછેહઠ કરવી પડી હોવાના ઉદાહરણો છે.

દેશના જટિલ લેબર લોઝને વ્યવહારુ બનાવવા વિદેશી કંપનીઓની લાંબા સમયની માગ હજુ સંપૂર્ણ રીતે પૂરી થઈ નથી.પશ્ચિમના દેશોની કંપનીઓ શ્રમ કાયદા તથા પર્યાવરણિય મુદ્દાઓને લઈને એકદમ સંવેદનશીલ છે. પર્યાવરણિય મુદ્દે ભારતમાં અનેક વેળા રાજકારણ ખેલાતા હોવાનું જોવા મળે છે, જે અટકે તે જરૂરી છે.તાજેતરના ભૂતકાળ પર નજર નાખતા જણાય છે કે દેશમાં અનેક નીતિવિષયક નિર્ણયોમાં રુકાવટ ઊભી કરવા સ્થાપિત હીત ધરાવનારા ન્યાયતંત્રનો ઉપયોગ કરી રહ્યાનું જોવા મળ્યું છે. સ્થાપિત હીત ધરાવનારા પોતાના લાભ માટે કાનૂની આંટીઘૂંટીઓનો ઉપયોગ કરી રહ્યા છે, જેની સીધી અસર દેશના વિકાસકારી કાર્યો પર પડે છે. આ હકીકતને ધ્યાનમાં રાખતા ન્યાયતંત્રમાં સુધારા આવશ્યક બની ગયા છે.વર્તમાન સરકાર નીતિવિષયક નિર્ણયો લેવામાં ખરી દિશામાં આગળ વધી રહી છે જે અગાઉની સરકાર મિશ્ર રાજકારણને કારણે જઈ શકતી નહોતી.

વિવિધ ક્ષેત્રોમાં એફડીઆઈમાં વધારો તથા વિદેશી રોકાણને આકર્ષવા માટે સાનુકૂળ વાતાવરણ ઊભું કરવાની નીતિ તથા રાજકોષિય શિસ્તતા સુધારવા ભારતના પ્રયાસોએ રેટિંગ એજન્સીમાં ભારત માટે પોઝિટિવ મત ઊભો કર્યો છે.

આ હકારાત્મક મત ત્યારે જ જળવાઈ રહેશે જ્યારે સરકારે હાથ ધરેલી પ્રક્રિયા યોજના પ્રમાણે આગળ ધપતી રહેશે અથવા તો તેના અપેક્ષિત પરિણામો જોવા મળશે. નાણાંકીય દેવાબોજ સાથેના ભારત દેશ માટે ચીનની રાજકીય સ્થિતિએ તે તરફનું એફડીઆઈ આપણી તરફ વાળવાની વધુ એક તક પૂરી પાડી છે.

### ફિલ્મનું નિર્દેશક નિખિલ નાગેશ ભટ્ટ ડિરેક્ટ કરશે

# સની દેઓલ ઓક્ટોબરથી નિખિલ નાગેશ ભટ્ટ સાથે ‘લખન’ શરુ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૪

સની દેઓલ ‘બોર્ડર ૨’ની સફળતા બાદ હવે ફરી એક વખત મોટા પડદા પર એક્શન અવતારમાં આવવા માટે તૈયાર છે. તેની આગામી ફિલ્મનું નામ ‘લખન’ રાખવામાં આવ્યું છે, જેને ‘કિલ’ ફેમ નિર્દેશક નિખિલ નાગેશ ભટ્ટ ડિરેક્ટ કરશે.

સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ફિલ્મને મોટા પાયે બનાવવામાં આવી રહી છે અને તેમાં ધમાકેદાર એક્શન સિક્વન્સ, જબરદસ્ત ડાયલોગ્સ અને દર્શકોને સિટી મારવા મજબૂર કરી દે તેવા સીન સામેલ હશે.

ફિલ્મમાં સની દેઓલ ફરી એકવાર પોતાના સંપૂર્ણ એક્શન અવતારમાં જોવા મળશે.

ફિલ્મ માટેની તૈયારીઓ પહેલેથી જ શરૂ થઈ ગઈ છે. સ્ક્રિપ્ટિંગ, એક્શન ડિઝાઈન અને પ્રી-પ્રોડક્શનનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. એક સુત્રએ જણાવ્યું, ‘‘આ એક વિશાળ સ્તરની એક્શન એન્ટરટેઈનર છે, જેમાં ઊર્જાભર્યા અને દર્શકોને ગમે એવી અનેક પળો હશે.


ફિલ્મનું શૂટિંગ ઓક્ટોબરથી શરૂ થશે.’’સની દેઓલ અને નિખિલ નાગેશ ભટ્ટની જોડીએ પહેલાથી જ દર્શકોમાં ઉત્સુકતા ઉભી કરી છે, ખાસ કરીને ‘કિલ’ ફિલ્મમાં નિખિલ ભટ્ટના એક્શન અભિગમ બાદ હવે આ ફિલ્મ વિશે ઉત્સુકતા છે.

‘લખન’ સાથે દર્શકોને ફરી એકવાર ભવ્ય અને વિસ્ફોટક મનોરંજન મળવાની અપેક્ષા છે.

આ ઉપરાંત, સની દેઓલ નિર્દેશક નિતેશ તિવારીની મહત્ત્વાકાંક્ષી ફિલ્મ ‘રામાયણ’માં પણ જોવા મળશે. આ ફિલ્મ બે ભાગમાં રિલીઝ થશે. તેમાં સની દેઓલ હનુમાનના પાત્રમાં જોવા મળશે,

જ્યારે રણબીર કપૂર રામ, રવિ દુબે લક્ષ્મણ, સાઈ પલ્લવી સિતા અને યશ રાવણના પાત્રમાં જોવા મળશે.

# સેમી કન્ડકટર માટે મહા સત્તાઓ વચ્ચે યુદ્ધ



વિશ્વમાં સેમી કન્ડકટરનું માર્કેટ ૫૦૦ અબજ ડોલરનું છે જે ૨૦૩૦માં બમણું થવાની ધારણા છે. સેમી કન્ડકટરનું માર્કેટ કબજે કરવા અમેરિકા અને ચીન વચ્ચે કોલ્ડ વોર ચાલે છે. જે આ માર્કેટ પર પ્રભુત્વ જમાવશે તે ભવિષ્યમાં સુપર પાવર ગણાશે એમ મનાય છે. આ મહાસત્તાઓ પોતાના દેશમાં સેમિકન્ડકટરનું ઉત્પાદન કરીને માર્કેટમાં અગ્રેસર રહેવા માંગે છે. ૨૦૩૦માં જેનું માર્કેટ ૧૦૦૦ અબજ ડોલરનું થવાનું હોય તેને મહાસત્તાઓ પોતાના પ્રભાવ હેઠળ રાખવા માંગે છે.

ચીનમાં બાળકો આખો દિવસ ઓનલાઈન ગેમ્સ રમી શકતા નથી

ચીનમાં ઈન્ટરનેટના એડિકશનની (વ્યસન) સમસ્યા મોટા પાયે છે. લોકો આ વળગણમાંથી છૂટે એટલે સત્તાવાળાઓએ વિવિધ પ્રયાસો કર્યા છે. ચીનમાં છોકરાઓએ કેટલા કલાક માટે ઓનલાઈન ગેમ્સ રમવી તેના પણ કાયદા છે. ૨૦૧૯માં બાળકો રોજ માત્ર ૯૦ મિનિટ ગેમ્સ રમી શકે એવા નિયંત્રણો હતા. હવે ૨૦૨૧ બાદ ૧૮ વર્ષથી નીચેના અઠવાડીયામાં એક વાર માત્ર શુક્રવારે દિવસના એક કલાકજ ગેમ રમી શકે એવા નિયંત્રણો છે. ૨૨ મીથી શરૂ થતા ચીનના નવા વર્ષમાં અપાતી અઠવાડીયાની રજાઓમાં છોકરાઓ રોજ એક કલાક ગેમ રમી શકે એ પ્રકારની મંજૂરી અપાઈ રહી છે.

પોર્ટ ચાર્જ નક્કી કરવા માટે ન્યાયિક બોર્ડની રચના

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયે મુખ્ય બંદરોના ન્યાયિક બોર્ડની રચના માટેના નિયમોને સૂચિત કર્યા છે. તે તમામ મોટા બંદરો પર ભાડાં નક્કી કરવા અને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપના વિવાદોને ઉકેલવા માટે કેન્દ્રીય સંસ્થા તરીકે કામ કરશે. એક ગેઝેટ નોટિફિકેશનમાં, મંત્રાલયે જણાવ્યું હતું કે બોર્ડ હવે ટેરિફ ઓથોરિટી ઑફ મેજર પોર્ટ્સના કાર્યો સંભાળશે, જે તમામ શિપિંગ અને કાર્ગો સંબંધિત ચાર્જિસના નિયમન માટે કેન્દ્રિય સત્તા છે. તે ત્યાંના મુખ્ય પોર્ટ ટ્રસ્ટો અને ખાનગી ઓપરેટરોની મિલકતોના લીઝના દરો પણ નક્કી કરે છે. જ્યુડિશિયલ બોર્ડની રચના માટેનો પ્રસ્તાવ મેજર પોર્ટ ઓથોરિટી એક્ટ, ૨૦૨૧ હેઠળ લાવવામાં આવ્યો છે. તેની પાસે સિવિલ કોર્ટ જેવી તમામ સત્તાઓ હશે.

રસ્તો ખોદતા પહેલાં..નવી એપ્લીકેશન

સરકારના ડઝનબંધ ખાતા વચ્ચે કોમ્યુનિકેશનનો અભાવ છે જેના કારણે રસ્તા પર આડેધડ ખોદકામો થાય છે. નવો રસ્તો બનાવ્યા પછી બીજાજ દિવસે અન્ય સરકારી ખાતું તેમાં પાણીની લાઈન કે ગટર લાઈન માટે રોડ તોડે છે. જો રોડ બનતા પહેલાં ગટર લાઈન નાખી હોત તો રોડ તોડવો ના પડત એવું દરેક નાગરીક કહી રહ્યો હોય છે.

+આવા ગેર વહિવટના કારણે સરકારને વરસે દહાડે ૩૦૦૦ કરોડનો ફટકો પડે છે. હવે કેન્દ્ર સરકારે રસ્તો ખોદતા પહેલાં તમામ સંબંધીત ખાતાઓને જાણ કરતી એપ્લીકેશન બનાવી છે. સરકારે બનાવેલી આ સિસ્ટમથી રોડ બનતા પહેલાં સંબંધીત ખાતાઓને સૂચના મળી જશે.

જનધનના ૪૭.૮૪ કરોડ લાભાર્થીઓ પ્રધાનમંત્રી જનધન યોજનાના ખાતાઓનું કુલ બેલેન્સ ૧.૮૦ લાખ કરોડ છે. ૩૦ ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં તેના કુલ લાભાર્થીની સંખ્યા ૪૭.૮૪ કરોડની હતી. જેમાં ૨૬.૫૪ કરોડ તો મહિલાઓ છે. લેટેસ્ટ સરકારી ડેટા પ્રમાણે ટાઉન લેવલ અને ગામડાઓમાં લાભાર્થીઓ વધુ છે. જનધન યોજનાના લાભાર્થીઓ વધવા પાછળનું એક કારણ સરકારી યોજનાઓનો આર્થિક લાભ તેમાં જમા થાય છે. મહત્વનું એ પણ છે કે જે લોકોના બેંકોમાં ખાતા નહોતા તેમના બેંકમાં ખાતા છે અને તે બેંકો સાથે આર્થિક વ્યવહાર કરતા થઈ ગયા છે.

૫જી અમલ પાછળ ૫૦૦ અબજ ડોલરનો ખર્ચ

૫જી અમલીકરણ પાછળ ટેલિકોમ કંપનીઓ ૪૦૦થી ૫૦૦ અબજડોલરનો ખર્ચ કરશે. ફાઈવ જીને વિશ્વ સાથે જોડવાનો આ જંગી ખર્ચ દરેક કંપનીઓ માટે ઉગી નીકળવાનો છે. વિશ્વ સાથે આ નવી ટેકનોલોજીને જોડવા કરાનારા ખર્ચ પાછળ ટેલિકોમ કંપનીઓ બહોળો નફો રળી લેશે. ભારતી એન્ટરપ્રાઈસના સુનિલ મીત્તાલે કહ્યું હતું કે ફાઈવ જી નો ઉપયોગ કરવા ઉધ્યોગો આતુર છે. કલાઉડ ગેમીંગ, સ્ટ્રીમીંગ વગેરેની ઈકો સિસ્ટમ ભારતમાં વિકસતા હજુ થોડો સમય લાગશે.

# સુરક્ષા માટે જરૂરી શસ્ત્રો અને સાધનોના ઉત્પાદનમાં ભારત આત્મનિર્ભર બને તે દિશામાં સરકારના નક્કર પ્રયાસોઃ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ




રાષ્ટ્રીય સુરક્ષા અને પોલીસ પ્રશિક્ષણ ક્ષેત્રે દેશની અગ્રણી સંસ્થા, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (ઈઈ) ખાતે આજે ભારતનાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીના ગરિમામય અધ્યક્ષસ્થાને પાંચમો દીક્ષાંત સમારોહ સંપન્ન થયો હતો. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ? શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના પાંચમા પદવીદાન સમારોહમાં દીક્ષાંત પ્રવચન આપતા રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીએ જણાવ્યું હતું કે, પદવીદાન સમારોહ એ કોઈ પણ શૈક્ષણિક સંસ્થા માટે ગૌરવની ક્ષણ હોય છે, કારણ કે તે રાષ્ટ્રહિત માટે શિક્ષિત, તાલીમબદ્ધ અને સમર્પિત યુવા પેઢી સમાજને અર્પણ કરે છે. પદવી પ્રાપ્ત કરનાર તમામ

વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા તેમણે ઉમેર્યું હતું કે, આ યુવા શક્તિ જ દેશના સુરક્ષિત અને ઉજ્જવળ ભવિષ્યનો આધાર છે. આ પ્રસંગે તેમણે ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજીત ડોવાલને માનદ ડોક્ટરેટની પદવી એનાયત કરી વિશેષ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. રાષ્ટ્રપતિશ્રીએ બદલાતા સમયના સુરક્ષા પડકારો અંગે વાત કરતા ભારપૂર્વક જણાવ્યું કે, વર્તમાન સમયમાં ડિજિટલ યુગના આગમન સાથે સાયબર ક્રાઈમ, ફિશિંગ એટેક અને ડેટા સુરક્ષા જેવા નવા જોખમો દેશ સામે મોટા ખતરા તરીકે ઉભરી આવ્યા છે. અગાઉ આ શબ્દો માત્ર પરિચય પૂરતા મર્યાદિત હતા, પરંતુ આજે તે વાસ્તવિક પડકાર છે. આવી પરિસ્થિતિમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી જેવી સંસ્થાઓનું મહત્વ અને જવાબદારી અનેકગણી વધી જાય છે, કારણ કે દેશની સુરક્ષાનું સુચારુ સંચાલન હવે આધુનિક તકનીકી કૌશલ્ય પર નિર્ભર છે.

રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું કે દેશને આજે એવા કુશળ પોલીસ અધિકારીઓની જરૂર છે જે સાયબર ગુનેગારોને પકડવા અને તેમને સજા અપાવવા માટે તકનીકી રીતે સક્ષમ અને સશક્ત હોય. આ સાથે જ ન્યાયિક પ્રક્રિયાને મજબૂત કરવા માટે એવા ફોરેન્સિક નિષ્ણાતોની પણ અનિવાર્યતા છે જેઓ ન્યાયાલયની કસોટી પર ખરા ઉતરે તેવા પુરાવાઓ રજૂ કરી શકે. તેમણે ઉમેર્યું કે હવે સુરક્ષા માત્ર ભૌગોલિક સીમાઓ કે પરંપરાગત હથિયારો પૂરતી સીમિત નથી, પરંતુ સાયબર સુરક્ષા, ડેટા સુરક્ષા અને કૂટનીતિ એ પરંપરાગત શક્તિ જેટલા જ મહત્વપૂર્ણ બની ગયા છે. રાષ્ટ્રની સુરક્ષા અને આત્મનિર્ભરતા અંગે વાત કરતા રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું કે, સુરક્ષા માટે જરૂરી શસ્ત્રો અને સાધનોના ઉત્પાદનમાં ભારત આત્મનિર્ભર બને તે દિશામાં સરકાર નક્કર પ્રયાસો કરી રહી છે. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દ્વારા 'ડીપ ટેક' સંબંધિત નીતિઓમાં ઉદ્યોગો સાથે જે જોડાણ કરવામાં આવ્યું છે તે પ્રશંસનીય છે. તેમણે સૂચન કર્યું કે સંરક્ષણ ક્ષેત્રમાં બદલાતા પ્રવાહોને ધ્યાને રાખીને યુનિવર્સિટીએ પોતાની રણનીતિ સતત અપડેટ કરવી જોઈએ, જેથી દેશના આર્થિક વિકાસ અને સમૃદ્ધિ માટે સુરક્ષિત પરિવેશ મળી રહે.

ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (છૈં) ની ભૂમિકા પર પ્રકાશ પાડતા રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું કે 'ઈન્ડિયા એઆઈ મિશન' અને એઆઈ ગવર્નન્સના માધ્યમથી ભારત વિશ્વ પટલ પર એક મહત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરી રહ્યું છે. ૨૦૨૬ સુધીમાં ભારત આ ક્ષેત્રમાં વધુ સશક્ત બનીને ઉભરશે, જે દેશની સુરક્ષા અને આર્થિક વિકાસ માટે ગેમ-ચેન્જર સાબિત થશે. સાયબર સુરક્ષા એ હવે માત્ર સુરક્ષાનો વિષય નથી પરંતુ તે ડિજિટલ વિશ્વાસનું પણ અભિન્ન અંગ છે.

આ પ્રસંગે રાષ્ટ્રપતિશ્રીએ સુરક્ષા દળોની કામગીરીની સરાહના કરતા જણાવ્યું કે, તાજેતરમાં નકસલવાદ વિરુદ્ધ સુરક્ષા દળોએ નિર્ણાયક વિજય મેળવ્યો છે. દેશના જે વિસ્તારોમાં અગાઉ ભયનું વાતાવરણ હતું, ત્યાં આજે શાંતિ અને સુરક્ષા સ્થાપિત થઈ છે. અગાઉ જ્યાં નકસલવાદનો લાલ ઝંડો લહેરાતો હતો ત્યાં આજે દેશનો રાષ્ટ્રધ્વજ લહેરાઈ રહ્યો છે એમ તેમણે ઉમેર્યું હતું. આ સફળતા માટે તેમણે તમામ રાજ્ય પોલીસ દળો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ બળોની વિશેષ પ્રશંસા કરી હતી. રાષ્ટ્રપતિશ્રીએ ઉમેર્યું કે સુરક્ષિત વાતાવરણમાં જ વ્યવસાય અને આર્થિક સમૃદ્ધિ ફૂલેફાલે છે, તેથી સુરક્ષાકર્મીઓનું યોગદાન દેશના વિકાસ સાથે સીધું જોડાયેલું છે.

શૈક્ષણિક અને ખેલકૂદ ક્ષેત્રે યુનિવર્સિટીની સિદ્ધિઓને બિરદાવતા રાષ્ટ્રપતિશ્રીએ નોંધ્યું કે આ યુનિવર્સિટી રમતગમત અને શારીરિક શિક્ષણના ક્ષેત્રમાં પણ ઉત્કૃષ્ટ કાર્ય કરી રહી છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય સ્પર્ધાઓ અને કુસ્તી જેવા ખેલમાં પદકો જીતીને સંસ્થાનું નામ રોશન કર્યું છે. તેમણે તમામ વિજેતાઓને અભિનંદન આપતા રમતગમત ક્ષેત્રે વધુ પ્રગતિ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

ખાસ કરીને પદવીદાન સમારોહમાં વિદ્યાર્થિનીઓના દેખાવ અંગે હર્ષ વ્યક્ત કરતા રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું કે, એન્જિનિયરિંગ અને સુરક્ષા જેવા ક્ષેત્રોમાં મેડલ મેળવવામાં વિદ્યાર્થિનીઓ અગ્રેસર છે તે જોઈને ઘણો આનંદ થાય છે. દીકરીઓની આ પ્રગતિ દર્શાવે છે કે તેઓ આગામી સમયમાં રક્ષા ક્ષેત્રે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા તૈયાર છે. રક્ષણ અને એન્જિનિયરિંગમાં દીકરીઓની આ પ્રગતિ વિકસિત ભારતનું સબળ ચિત્ર રજૂ કરે છે.

રાષ્ટ્રપતિશ્રીએ દીક્ષિત વિદ્યાર્થીઓને આહવાન કર્યું કે, તમે એક સુરક્ષિત, ન્યાયપૂર્ણ અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં તમારું સર્વશ્રેષ્ઠ યોગદાન આપો. તમારા જેવા સક્ષમ અને પ્રવીણ પ્રોફેશનલ્સના કારણે જ ભારત આગામી સમયમાં એક વિકસિત રાષ્ટ્ર તરીકે વિશ્વ સમક્ષ ઉભરી આવશે. દેશના વિકાસના પથ પર તમારી સુરક્ષા અને સેવા અનિવાર્ય છે તેમ પણ તેમણે જણાવ્યું હતું. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના પાંચમાં દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ યુવા શક્તિને દેશભક્તિના સંકલ્પ સાથે રાષ્ટ્રીય સુરક્ષાના મિશનમાં જોડાવા આહ્વાન કરતા જણાવ્યું હતું કે,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જે રક્ષા યુનિવર્સિટીનું સ્વપ્ન સેવ્યું હતું, તે આજે સાકાર થઈ રાષ્ટ્ર નિર્માણમાં પાયાનું યોગદાન આપી રહ્યું છે. પ્રધાનમંત્રીશ્રીના મજબૂત નેતૃત્વ અને વિઝનને કારણે જ દેશમાં નક્સલવાદ જેવી સમસ્યાઓ નિર્મૂળ થઈ રહી છે અને સુરક્ષા વ્યવસ્થા વધુ સુદ્રઢ બની છે. રાજ્યપાલશ્રીએ જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાના ઐતિહાસિક નિર્ણયનો ઉલ્લેખ કરી સરકારની મજબૂત ઈચ્છાશક્તિની પ્રશંસા કરી હતી. તેમણે પૌરાણિક ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને સત્યના માર્ગે ચાલી વિધ્વંસક શક્તિઓનો સામનો કરવા પ્રેરણા આપી હતી. શ્રી અજીત ડોવાલની ઉપસ્થિતિમાં તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, દેશનું યુવાધન સાચી દિશામાં આગળ વધી રહ્યું છે અને આંતરિક તથા બાહ્ય સુરક્ષાને અભેદ્ય બનાવવા માટે સજ્જ છે.

અંતમાં, તેમણે પદવીધારકોને અભિનંદન આપતા જણાવ્યું કે રાષ્ટ્રના વિકાસ માટે સમર્પણ અને તપસ્યા અનિવાર્ય છે. પ્રધાનમંત્રીશ્રી જે રીતે અવિરત કાર્ય કરી રહ્યા છે, તેને અનુસરીને જો યુવાનો સુરક્ષા મિશનમાં સહભાગી બનશે તો ભારતની સુરક્ષા વધુ લોખંડી બનશે. યુવાનો પોતાની કર્તવ્યનિષ્ઠા દ્વારા દેશની પ્રગતિમાં મહત્વનું યોગદાન આપે તેવી શીખ તેમણે વિદ્યાર્થીઓને આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના પાંચમાં દિક્ષાંત સમારોહમાં પદવી મેળવી રહેલા વિદ્યાર્થીઓ-અધિકારીઓને રાષ્ટ્રપ્રથમના ભાવ સાથે દેશ માટે સમર્પિત રહેવાની પ્રેરણા આપી હતી. તેમણે ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિએ તેમની વંદન કરતા કહ્યું કે, ડો. આંબેડકરે આપેલું સંવિધાન સમાનતા, ન્યાય અને સ્વતંત્રતાના મૂલ્યો પર આધારિત છે. બંધારણના આ હાર્દને મુખ્યમંત્રીશ્રીએ રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાંથી ડિગ્રી મેળવનાર સૌ માટે અત્યંત પ્રાસંગિક ગણાવ્યો હતો.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી શિક્ષણને વ્યક્તિગત ઉન્નતિ કે વિકાસનું નહીં પણ સમાજ અને રાષ્ટ્ર નિર્માણનો પ્રભાવી આધાર માને છે તેની વિશદ ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. તેમણે ઉમેર્યું કે, ૨૦૧૦માં શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં સ્થપાયેલી રક્ષા યુનિવર્સિટી તેમની જ વિઝનરી લીડરશીપમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી તરીકે રાષ્ટ્રીય ફલક પર કાર્યરત થઈ છે. મુખ્યમંત્રીશ્રીએ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજીત ડોવાલજીને રાષ્ટ્રપતિશ્રી દ્વારા આ દિક્ષાંત સમારોહમાં અપાયેલી માનદ ડોક્ટરેટની પદવીને સમગ્ર સુરક્ષા તંત્રના ગૌરવરૂપ ગણાવી હતી. તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રક્ષા ક્ષેત્રમાં અદ્યતન ટેકનોલોજી અને ટેકનોસેવી વર્ક ફોર્સની જે આવશ્યકતા સમજાવી છે તેને આ યુનિવર્સિટીએ ધરાતલ પર ઉતારી છે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દિક્ષાંત સમારોહમાં પદવી મેળવનારી દીકરીઓના સંખ્યા બળને વધાવતા કહ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વિકસિત ભારતના નિર્માણમાં રક્ષા ક્ષેત્રે નારી શક્તિના વધતા પ્રભાવનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. તેમણે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીને નેશનલ સિક્યુરિટી, પોલીસિંગ, સ્ટ્રેટેજીક અફેર્સ, સાયબર રીજિલિયન્સ, ક્રિમિનલ જસ્ટિસ અને કોસ્ટલ વિજિલન્સને સુદ્રઢ કરતા અભ્યાસક્રમો માટે અભિનંદન પાઠવ્યા હતા.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારત જ ૨૦૪૭ના વડાપ્રધાનશ્રીના સંકલ્પને દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષાના ક્ષેત્રોમાં પોતાના કાર્યપ્રદાનથી સાકાર કરવા પણ ડિગ્રી ધારકોને પ્રેરક આહવાન કર્યું હતું. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના પાંચમાં પદવીદાન સમારોહમાં ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજીત ડોવાલને રાષ્ટ્રપતિશ્રીના હસ્તે માનદ ડોક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી હતી. માનદ ડોક્ટરેટની પદવી સ્વીકારતા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજીત ડોવાલે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી એ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિનું પરિણામ છે. વર્ષ ૨૦૦૮માં જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે આ સંસ્થાની જે કલ્પના કરી હતી, તે આજે વાસ્તવિકતા બનીને દેશની સુરક્ષામાં અભૂતપૂર્વ યોગદાન આપી રહી છે. રાષ્ટ્રીય સુરક્ષાને એક જટિલ વિષય ગણાવતા તેમણે ઉમેર્યું કે, સુરક્ષા માત્ર સૈન્ય શક્તિ કે ટેકનોલોજી પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેમાં રાષ્ટ્રનું મનોબળ અને જનમાનસની જાગૃતિ સૌથી મહત્વનો ભાગ ભજવે છે. શ્રી ડોવાલે વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા કહ્યું કે, રાષ્ટ્રીય સુરક્ષા એ માત્ર સેના કે પોલીસની જવાબદારી નથી, પરંતુ તે સમગ્ર દેશનું સામૂહિક દાયિત્વ છે. સુરક્ષાના ક્ષેત્રમાં કામ કરનારા લોકો પાસે અદ્યતન જ્ઞાન સંપદા, અતૂટ ચારિત્ર્ય અને પરિણામલક્ષી દ્રષ્ટિકોણ હોવો અનિવાર્ય છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, સુરક્ષા એ એક એવું ક્ષેત્ર છે જ્યાં 'સિલ્વર મેડલ' જેવું કંઈ હોતું નથી; અહીં કાં તો વિજય મળે છે અથવા પરાજય. જો તમે જીતો છો તો રાષ્ટ્ર સુરક્ષિત રહે છે અને જો હારો છો તો અસ્તિત્વ પર જોખમ ઊભું થાય છે. અંતમાં તેમણે યુવા દિક્ષાર્થીઓને આધુનિક પડકારોનો સામનો કરવા માટે સતત સજ્જ રહેવા અને રાષ્ટ્ર સેવાના મિશનમાં સંપૂર્ણ ક્ષમતા સાથે જોડાવા આહવાન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, કીર્તિ ચક્ર અને રાષ્ટ્રપતિ પોલીસ મેડલ જેવા સર્વોચ્ચ સન્માનથી સન્માનિત શ્રી અજીત ડોવાલ ભારતીય ઈતિહાસમાં સૌથી લાંબો સમય સેવા આપનારા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર છે. રાષ્ટ્રીય સુરક્ષા અને ગુપ્તચર ક્ષેત્રે તેમનું યોગદાન અમૂલ્ય છે. તેમના માર્ગદર્શન હેઠળ ભારતની સુરક્ષા નીતિઓ વધુ સજ્જ બની છે.

કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી શ્રી બંડી સંજય કુમારે ગુજરાતની પવિત્ર ધરતીને નમન કરતા જણાવ્યું હતું કે, આ ભૂમિ મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જેવા મહાપુરુષોની જન્મભૂમિ છે.

તેમણે દીક્ષિત વિદ્યાર્થીઓને અભિનંદન આપતા કહ્યું કે, આજનો દિવસ માત્ર પદવી મેળવવાનો નથી, પરંતુ રાષ્ટ્રની સુરક્ષા અને ન્યાય પ્રણાલીના સંરક્ષક બનવાના સંકલ્પનો દિવસ છે. તેમણે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું કે, આ સંસ્થા રાષ્ટ્રીય સુરક્ષા, પોલીસ વ્યવસ્થા અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારતની દીર્ઘકાલીન જરૂરિયાતો પૂરી કરવા માટે સ્થાપિત કરાયેલી રાષ્ટ્રીય મહત્વની સંસ્થા છે.

દેશની આંતરિક સુરક્ષા અંગે વાત કરતા મંત્રીશ્રીએ ગૌરવપૂર્વક જણાવ્યું કે, ભારત સરકારે છેલ્લા કેટલાક વર્ષોમાં આંતરિક સુરક્ષાના ક્ષેત્રમાં નિર્ણાયક પરિવર્તન આણ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી નેટવર્કને નેસ્તનાબૂદ કરીને વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવામાં આવી છે.

મંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિચારને ટાંકીને ઉમેર્યું કે, આજના સમયમાં માત્ર શારીરિક ક્ષમતા પર્યાપ્ત નથી, પરંતુ ટેકનોલોજી અને આધુનિક પડકારોને સમજી શકે તેવા 'ટ્રેન્ડ મેનપાવર'ની દેશને જરૂર છે. અંતમાં તેમણે વિદ્યાર્થીઓને અનરોધ કરતા ત્રણ પાયાની બાબતો - સુરક્ષા અને સ્વતંત્રતાનો સમન્વય, ન્યાયિક સેવા પ્રત્યેની નિષ્ઠા અને રાષ્ટ્ર સેવા માટેના સાહસને જીવનમાં ઉતારવા આહવાન કર્યું હતું.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર ડૉ.બિમલ પટેલે મહાનુભાવો સહિત ઉપસ્થિત સૌનું સ્વાગત કરીને યુનિવર્સિટીનો પ્રગતિ અહેવાલ રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું કે

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી રાષ્ટ્રીય સુરક્ષાના ક્ષેત્રમાં 'સેન્ટર ઓફ એક્સેલન્સ' અને આંતરિક સુરક્ષામાં વૈશ્વિક લીડર બનવાના વિઝન સાથે આગળ વધી રહી છે. તેમણે યુનિવર્સિટીની વિવિધ સિદ્ધિઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, રક્ષા ક્ષેત્રે વિવિધ કંપનીઓ સાથે શૈક્ષણિક ભાગીદારી અને સ્માર્ટ પ્રોગ્રામ જેવા પ્રોજેક્ટ્સ યુનિવર્સિટીની નવીન પહેલ છે. આ ઉપરાંત, યુનિવર્સિટી દ્વારા ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ અને સાયબર સુરક્ષા શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવી રહ્યું છે, જે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત બનાવશે.

વધુમાં તેમણે ઉમેર્યું કે, યુનિવર્સિટીનું લક્ષ્ય માત્ર શિક્ષણ આપવાનું જ નહીં પરંતુ પોલીસ દળને વધુ વ્યાવસાયિક, નાગરિક-કેન્દ્રીય અને ભવિષ્ય માટે સજ્જ બનાવવાનું છે. જમ્મુ-કાશ્મીર, લદ્દાખ અને અરુણાચલ પ્રદેશ સુધી શૈક્ષણિક અને સુરક્ષા વિષયક પ્રવૃત્તિઓનો વિસ્તાર કરીને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી રાષ્ટ્રીય સુરક્ષાના નવા માપદંડો સ્થાપિત કરી રહી છે. મોડેલ રિસર્ચ સેન્ટર તરીકે ઊભરી આવેલી આ યુનિવર્સિટી દેશના સર્વાંગી વિકાસ અને સુરક્ષિત ભવિષ્ય માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે.

સમારોહ દરમિયાન વિવિધ વિદ્યાશાખાઓના સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી.ના કુલ ૫૯૨ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.

સમારોહના પ્રારંભે રાષ્ટ્રપતિ શ્રી દ્રૌપદી મુર્મૂના હસ્તે રુદ્રાક્ષના વૃક્ષનું વાવેતર કર્યું હતુ. ત્યારબાદ રાષ્ટ્રપતિશ્રીએ મહાત્મા ગાંધી તથા સરદાર વલ્લભભાઈ પટેલની તસ્વીરને પુષ્પાંજલિ અર્પણ કરી તેમણે મહાનુભાવો અને રક્ષા વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ સાથે ફોટો સેશન કરાવ્યું હતું.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતી અવસરે ગાંધીનગર ખાતે ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ભારતીય બંધારણના નિર્માતા અને ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતીએ ગાંધીનગર ખાતે આયોજિત વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થઈ ને ભાવવંદના કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સૌ પ્રથમ ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ત્યારબાદ, તેમણે વિધાનસભા સંકુલની સામે આવેલ ડૉ. આંબેડકર પ્રતિમા સંકુલ પ્રેરણા ભૂમિ ખાતે સ્થાપિત કરવામાં આવેલી બાબા સાહેબ ની પૂર્ણ કદની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી ભાવ વંદના કરી હતી.

આ પ્રસંગે રંગોળી ઈન્ટરનેશનલ શાળાની વિદ્યાર્થિનીઓએ ડૉ. ભીમરાવ આંબેડકરની જીવન ઝાંખી પ્રસ્તુત કરતું પ્રભાવશાળી વક્તવ્ય રજૂ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રી ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન પ્રેરણા ભૂમિ ખાતે જનમેદની સાથે બંધારણના ઘડવૈયા ની જન્મ જયંતિ ઉજવણીમાં સહભાગી થયા હતા. આ સમયે સમગ્ર વાતાવરણ 'જય ભીમ' ના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું.

આ અવસરે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, સામાજિક ન્યાય અને અધિકારીતા તથા શિક્ષણ મંત્રી શ્રી પ્રદ્યુમન વાજા સહિત મંત્રીમંડળના સદસ્યો, વિધાનસભાના પદાધિકારીઓ, ધારાસભ્યશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો, શાળાના વિદ્યાર્થીઓ અને સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા.

સૌએ ડૉ. આંબેડકરજીના રાષ્ટ્ર નિર્માણમાં પ્રદાનને યાદ કરીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

## ૧૬મો એ આઈ એ ઈન્ડસ્ટ્રીયલ એક્સપો - ૨૦૨૬

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનનો ૧૬ મો એઆઈએ - ઈન્ડસ્ટ્રીયલ એક્સપો - ૨૦૨૬ તા.૧૬-૧૭-૧૮ એપ્રિલ-૨૦૨૬ (ત્રણ દિવસ) દરમ્યાન યુટિલિટી પ્લોટ નંબર ૨, ઈ.એસ.આઈ.સી. હોસ્પિટલ સામે, જીઆઈડીસી, અંકલેશ્વર ખાતે યોજાશે. ૧,૨૦,૦૦૦ સ્કેવર ફૂટ લેંડસ્કેપ એરિયામાં યોજનારા આ મેગા પ્રદર્શનમા નાના-મોટા થઈને ૧૨૫થી વધારે સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. આ એક્ઝિબિશન સવારે ૧૦.૦૦ વાગ્યાથી સાંજના ૬.૦૦ વાગ્યા સૂધી ખુલ્લુ રહેશે.

આ એક્ઝિબિશનનું ઉદ્ઘાટન આરતી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના પ્રેસિડેંટ અને સીએચઆરઓ શ્રી મનોજ કુમાર શર્મા, સુદર્શન ગુજરાત મેન્યુફેચરિંગ પ્રા. લી. એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી ડી. કે. રાણા, કોહિઝોન લાઈફ સાયન્સ લી. ના ચીફ ઓપરેશન્સ એન્ડ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી સી. બી. ભારદ્વાજના વરદ હસ્તે થશે. આ સમારંભ દરમ્યાન એ.આઈ.એ. આનંદપુરા ટ્રોફીનો વિતરણ કાર્યક્રમ યોજવામાં આવેલ છે, જેમાં માઈક્રો, સ્મોલ, મીડિયમ અને લાર્જ ઈન્ડસ્ટ્રીયલ યુનિટોમાંથી બેસ્ટ એક્સપોર્ટ અને હાઈએસ્ટ મેન્યુફેક્ચરિંગ ટર્નઓવરની પ્રતિયોગીતામાં વિજેતા થયેલ તમામને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવશે.

આ એક્ઝિબિશનમા ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, પોલીમર્સ, એગ્રીકલ્ચર પેસતિસઈડ્સ, ઓઈલ એન્ડ લૂબ્રૃકેંટ્સ, એન્જીનિયરીંગ ટૂલ્સ એન્ડ મશીનરી, પ્રોસેસ કંટ્રોલ, પોલ્યુશન કંટ્રોલ ઈક્વિપ્મેંટ્સ, ઈલેક્ટ્રિકલ્સ, ઈલેક્ટ્રોનિક્સ વિગેરે ઉદ્યોગોએ ભાગ લીધેલ છે. આ એ.આઈ.એ. ઈન્ડસ્ટ્રીયલ એક્સપોની મુલાકાત ગુજરાતની નામાંકિત ઔદ્યોગિક વસાહતો જેવી કે ઈચ્છાપોર-સુરત, જામનગર, દહેગામ, ગાંધીનગર, કઠવાડા, મકરપુરા, રનોલી, સચિન, સાવલી, સારીગમ, ઉમરગામ, વાલિયા, વલસાડ, વિઠ્ઠલઉદ્યોગ નગર, વાઘોડિયા, સાણંદ, છાત્રાલ વાપી, વટવા, નંદેસરી, દહેજ, ઝગડિયા, પાનોલી, નરોડા, ભાવનગર, ઓઢવ, સાયખા, વિલાયત તેમજ આસપાસના રાજ્યોમાંથી ૫ મોટી સંખ્યામાં મુલાકાતીઓ ભાગ લેશે, તેવી અપેક્ષા છે.

આ એક્ઝિબિશનના ઉદ્ઘાટન પ્રસંગે અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના જુદા જુદા પ્રોજેકટોમાં જેઓએ ઉદાર હાથે દાન પૂરું પાડેલ છે, તેવા દાતાઓની કદર કરતાં તેઓને એપ્રિશીએશન સર્ટિફિકેટથી સન્માનિત કરવાનો કાર્યક્રમ રાખેલ છે.

તદઉપરાંત આ પ્રસંગે નોટિફાઈડ એરિયા ઓથોરિટીમાં જેઓએ બોર્ડ ઓફ મેનેજમેંટના ચેરમેન તરીકે વિશિષ્ઠ સેવાઓ આપી છે, તેની કદર કરતાં તેઓને પણ એપ્રિશીએશન સર્ટિફિકેટથી સન્માનિત કરવાનો કાર્યક્રમ રાખેલ છે.

આ એક્ઝિબિશનમા ઓન લાઈન રજીસ્ટ્રેશન માટેની વ્યવસ્થા રાખવામા આવેલ છે, જેમાં વિઝિટર્સે www.ankleshwarexpo.com પર જઈને ફરજિયાત નોંધણી કરવવાની રહેશે અને ઊઈ ર્ઝ્ઢી સ્કેન કરીને પ્રવેશ આપવામાં આવશે, જેથી તમામ મુલાકાતીઓને આ સાથે આગ્રહભરી વિનંતી છે કે અમારી આ કોંટેક્ટલેસ પ્રક્રિયાને અનુસરશો.

## જેવી કોઈ હિરોઈન ફાયદો કરાવતી થાય છે, એવું એનું શરીર જાણે જાહેર બાબત બની જાય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૪

છેલ્લા થોડાં વખતથી જાહન્વી કપૂર ગંભીર મુદ્દાઓ પર ખુલીને પોતાના વિચારો વ્યક્ત કરી રહી છે. થોડાં વખત પહેલાં તેણે એઆઈ અને તેનાં જોખમો વિશે વાત કરી હતી, પછી તેણે દારુના નશા વિશે વાત કરી, હવે તે વધુ એક ગંભીર મુદ્દે વાત કરતી જોવા મળી.

જાહન્વીએ કહ્યું, "એક વાર કેમેરો તમારી ઈચ્છા રાખવા લાગે, પછી સંમતિ વૈકલ્પિક બની જાય છે. ફેરફાર કરેલી તસવીરો, ઘૂસણખોરી જેવા ઝૂમ-ઈન થતાં કેમેરા, સ્લો એડિટ્સ, શરીરના અમુક ભાગો પર ફોકસ, અને એ માન્યતા કે જે કંઈ જાહેરમાં દેખાય છે, તો તે સ્વીકૃત જ હોય."

જાન્હવી દ્વારા સેન્સ્યુઅલિટી અને સેકસ્યુઅલાઈઝેશન વચ્ચેના તફાવતની વાત કરવામાં આવી છે. તે ગ્લેમરનો ઈનકાર કરતી નથી. તે સુંદરતા, આકર્ષણ કે સ્ક્રીન પ્રેઝન્સનો વિરોધ કરતી નથી.

પરંતુ તે એક એવી સીમા દોરી રહી છે જેને આ ઈન્ડસ્ટ્રીમાં ઘણા લોકો સહેલાઈથી ભુંસી નાખે છે. જાહન્વીએ સમજાવ્યું, એક સ્ત્રી કોઈ ગીત કે સીનમાં આકર્ષક દેખાવા માટે અમુક સંમતિ આપે છે,

પરંતુ તે ઈરાદાપૂર્વક શરીરના અમુક ભાગો પર ઝૂમ, સ્લો એડિટ્સ, છેડછાડ કરેલી લેન્સ, તેણે ક્યારેય ન પહેરેલાં છૈંની મદદથી બનાવેલાં કપડાં કે અસહજ કેમેરા એંગલ્સ માટે સંમતિ આપતી નથી. આ સીમા સ્પષ્ટ હોવી જોઈએ. એ હકીકત કે હજુ પણ લોકોને આ બાબત સમજાવવાની જરૂર પડે છે, એ સ્થિતિ જ બધું કહી જાય છે.જાહન્વીના મતે, ડિજિટલ પ્લેટફોર્મ્સ એવી સામગ્રીને પ્રોત્સાહન આપે છે જે સ્ત્રીઓને અમુક રીતે દર્શાવે છે કારણ કે તે ચાલે છે. જાહેર વ્યક્તિઓને કહી દેવામાં આવે છે કે આ જ લોકપ્રિયતાની કિંમત છે. સેટ પર પણ અભિનેત્રીઓ ઘણી વખત ડરે છે

કે તેઓ કોઈ લેમિંગનો વિરોધ કરશે તો તેમની સાથે કામ કરવું અઘરું અથવા અપ્રોફેશનલ ગણાશે. એટલે સમસ્યા એક વ્યક્તિ નહીં, પરંતુ એક એવી વિચારસરણી છે જ્યાં કેમેરામાં નફો દેખાતા જ તમારી સંમતિનું મુલ્ય ધીમે ધીમે ઘટે છે.બોલિવૂડ વર્ષોથી સ્ત્રી સ્ટારને સશક્ત, આધુનિક અને આત્મવિશ્વાસપૂર્ણ સ્ત્રીઓ તરીકે રજૂ કરે છે.

ગુજરાતનું સચિવાલય બન્યું સ્ટુડિયો

# જનતાના દરબારમાં ગેરહાજર મંત્રીઓ સોશિયલ મીડિયા પર હાજર

## પ્રજાના પ્રશ્નો હલ કરવાને બદલે સોશિયલ મીડિયામાં રીલ્સ બનાવી ફોલોઅર્સ વધારવા ભાજપ સરકારના મંત્રીઓમાં હોડ જામી છે

અમદાવાદ,તા.૧૪

ગુજરાતમાં ભૂપેન્દ્ર પટેલ સરકારના મંત્રીઓ ગ્રાઉન્ડ ઝીરોમાં કામ કરવામાં સક્ષમ નથી. આ કારણોસર પ્રજાના દરબારમાં ગેરહાજર મંત્રીઓ ફેસબુક, ટ્વિટર, ઈન્સ્ટાગ્રામ હાજર દેખાઈ રહ્યા છે. લોકો વચ્ચે જવું અઘરું બન્યું છે પરિણામે મંત્રીઓને જાણે સોશિયલ મીડિયામાં ફોલોઅર્સ વધારવાનું ઘેલું લાગ્યું છે. એટલું જ નહીં, ફોટા, નિવેદન, રીલ્સ બનાવી મંત્રીઓ જાણે ઈન્ફલુએન્સર બન્યા હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

પ્રજાના પ્રશ્નો હલ કરવાને બદલે સોશિયલ મીડિયામાં રીલ્સ બનાવી ફોલોઅર્સ વધારવા ભાજપ સરકારના મંત્રીઓમાં હોડ જામી છે. છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં ભાજપનું અડીખમ શાસન છે. વિપક્ષનો તો જાણે એકડો નીકળી ગયો છે. ગુજરાતમાં ગ્રાઉન્ડ પર પ્રજાની સમસ્યાઓ ઠેરની ઠેર છે. આમ જનતાનું કોઈ સાંભળનાર નથી. સરકારી કચેરીઓમાં પૈસા આપ્યા વિના કામો થતાં નથી. દલાલોએ કચેરીઓ પર કબજો મેળવી લીધો છે. ભ્રષ્ટ અધિકારી અને મળતિયાઓ ધૂમ કમાણી કરી રહ્યા છે. પ્રાથમિક અને માળખાકીય સુવિધાના અભાવે લોકોની મુશ્કેલીઓનો કોઈ પાર નથી. આ સંજોગોમાં કોઈને વિકાસ દેખાય કે નહીં પણ મંત્રીઓના ફેસબુક, ઈન્સ્ટાગ્રામ પર વિકાસ જ વિકાસ દેખાઈ રહ્યો છે.ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે સોશિયલ મીડિયામાં વધુ ફોલોઅર્સ હોય તેવા ઉમેદવારોને પ્રાધાન્ય આપ્યું હતું ત્યારે આ તરફ, ભાજપમાં મંત્રીઓના માથે પણ ડીજીટલ ભૂત સવાર થયું છે. ચૂંટણી જીત્યા બાદ મંત્રીઓએ જનસંપર્કને વધુ મહત્વ આપવાનું ટાળ્યું છે.પ્રસાર-પ્રચારના માધ્યમથી લોકપ્રિયતા મેળવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વચ્ચે રીતસર સોશિયલ મીડિયા વોર જામ્યો છે. મુખ્યમંત્રી માટે તો માહિતી વિભાગના પગારદાર અધિકારી, કર્મચારીઓ કામ કરી રહ્યા છે પણ હર્ષ સંઘવીને જાણે સરકારી તંત્ર પર ભરોસો રહ્યો નથી. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ પર પળેપળ ડિજિટલ હાજરી માટે હર્ષ સંઘવી ખુદ મેદાને પડ્યા છે. માહિતી વિભાગ મુખ્યમંત્રીની લોકપ્રિયતા માટે કસમકશ કરી રહ્યું છે તો, હર્ષ સંઘવી પણ સોશિયલ મીડિયામાં ખૂબ જ એક્ટિવ છે. 'હું જ ગુજરાતનો નાથ છું' એવો ધૂમ પ્રચાર કરવા પાછળ પીઆર એજન્સી કામે લાગી હોવાની ચર્ચાઈ રહ્યું છે. ઘણા મંત્રીઓએ સોશિયલ મીડિયા કંપનીઓને કામ સોંપ્યું છે. પ્રત્યેક લોકો સુધી પહોંચવું શક્ય નથી ત્યારે સોશિયલ મીડિયા એ નવા જમાનાનું શસ્ત્ર સાબિત થયું છે ત્યારે યુવા મતદારો સુધી પહોંચવા સરકારે પણ પોતાના મંત્રીઓ પર નજર રાખી છે. હાલ ઘણા મંત્રી-નેતાઓએ પણ આઈટી કંપનીઓને ભાડે રાખી હોવાનું કહેવાય છે.

કયા મંત્રી ક્યાં કેટલા મજબુતસૌથી વધુ ફોલોઅર્સ: રિવાબા જાડેજા ઈન્સ્ટાગ્રામ પર ૨.૬ મિલિયન (૨૬ લાખ) સાથે મોખરે છે.ફેસબુક પર દબદબો: રિવાબા જાડેજા અને હર્ષ સંઘવી બંને ૧ મિલિયનથી વધુ ફોલોઅર્સ ધરાવે છે.

ટ્વિટર **(X)**: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સૌથી વધુ ૯.૬૭ લાખ ફોલોઅર્સ ધરાવે છે.

# ઊંઝા પાલિકાની ચૂંટણીમાં ૪૪ ફોર્મ રદ : પાલિકાના ૯ વોર્ડમાં ૧૧૭ ફોર્મ ભરાયાં હતાં

ઊંઝા, તા.૧૪

ઊંઝા નગરપાલિકા, તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો માટે આજે ફોર્મ ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ઊંઝા નગરપાલિકામાં કુલ ૧૧૭ ફોર્મ ભરાયા હતા. જેમાંથી ૪૪ જેટલા ફોર્મ રદ થતાં હવે ૭૩ ઉમેદવાર મેદાને છે. જોકે, બુધવારે ફોર્મ પરત ખેંચવાના દિવસે કોણ મેદાનમાં રહેશે તે ચિત્ર સ્પષ્ટ થશે. ઊંઝા તાલુકા પંચાયતની વિવિધ બેઠકો માટે ભાજપ-કોંગ્રેસ તેમજ આપ સહિતના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી, જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો પૈકી ઉમેદવારી નોંધાવી હતી, જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો પૈકી કામલી ઉનાવા બેઠક પર ભાજપ-કોંગ્રેસ, આપ ઉમેદવાર ચૂંટણી જંગમાં છે જ્યારે કહોડા જિલ્લા પંચાયતની બેઠક માટે ભાજપ-કોંગ્રેસ મેદાને છે. આજે ફોર્મ ચકાસણી દરમિયાન જિલ્લા પંચાયતની ઉનાવા બેઠક પર કોંગ્રેસનું મેન્ડેટ ના મળતાં ફોર્મ અમાન્ય રહ્યું હતું, જ્યારે કોંગ્રેસની મેન્ડેટ વાળું ફોર્મ માન્ય રહેવા પામ્યું છે. આ ઉપરાંત ઊંઝા તાલુકા પંચાયતની કરલી અને ઐઠોર સહિતની બેઠકો પર સાત જેટલા ફોર્મ રદ થયા છે, જ્યારે ઊંઝા નગરપાલિકાની ચૂંટણીમાં ૪૪ ફોર્મ રદ થયેલ. જેમાં વોર્ડ નં.૧ માં ૧૧, વોર્ડ નં.૨માં ૨, વોર્ડ નં.૩માં ૨, વોર્ડ નં.૪માં ૭, વોર્ડ નં.૬માં ૬, વોર્ડ નં.૭માં ૬, વોર્ડ નં.૮માં ૨ અને વોર્ડ નં.૯માં ૬ ફોર્મ રદ થયેલા છે.ઊંઝા : ઊંઝા તાલુકાના પંચાયતની વરવાડા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર સોનલબેન સતીશકુમાર પટેલે ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે તેમના ડમી ઉમેદવાર તરીકે ડિમ્પલબેન પટેલે ફોર્મ ભર્યું હતું. તાલુકા ભાજપ પ્રમુખ હર્ષદ પટેલની સોગઠાંબાજીને કારણે ૧૭-વરવાડા સીટ હવે બિનહરીફ થવા તરફ જઈ રહી છે. ભાજપની આ વ્યૂહરચના સામે વિપક્ષ કોંગ્રેસ લાચાર જણાઈ રહી છે. વરવાડા બેઠક પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ ખેલાય તેવી શક્યતા હતી. કોંગ્રેસે ભાજપના ડમી ઉમેદવાર પટેલ ડિમ્પલબેન પિનલકુમારને મેન્ડેટ આપીને મોટો દાવ ખેલ્યો હતો. જોકે તાલુકા ભાજપ પ્રમુખ હર્ષદ પટેલે આ દાવને ઉલટો પાડી દીધો હોવાનું જાણવા મળેલ છે.

મળતી માહિતી અનુસાર, તાલુકા ભાજપ પ્રમુખની સમજાવટ અને આંતરિક રણનીતિને સફળતા મળી છે. જેના કારણે હવે કોંગ્રેસના ઉમેદવાર મેદાનમાંથી ખસી જવાની પૂરેપૂરી શકયતા છે. ભાજપના ઉમેદવાર પટેલ સોનલબેન સતીષકુમાર હવે આ બેઠક પર બિનહરીફ જાહેર થાય તેવી સ્થિતિ નિર્માણ પામ્યું છે.

રાજકોટમાં ચૂંટણી પહેલા 'રિસોર્ટ પોલિટિક્સ'

# કોંગ્રેસના ૧૮ ઉમેદવારોને અજ્ઞાત સ્થળે ખસેડાયા

## કોંગ્રેસના ૧૮થી વધુ ઉમેદવારોને ભાજપના કોઈ નેતા સંપર્ક ન કરી શકે તે રીતે અજ્ઞાત સ્થળે લઈ જવાયા છે

રાજકોટ,તા.૧૪

રાજકોટમાં પ્રથમવાર કોંગ્રેસે ભાજપ કરતા વહેલી યાદી બહાર પાડી, કોઈનું ફોર્મ રદ થયું નથી ત્યારે કોંગ્રેસના રાજકારણમાં નવોદિત ઉમેદવારોના ફોર્મ પાછા ખેંચાવીને ચૂંટણી બિનહરીફ કરવાના કાવાદાવા શરુ થતા કોંગ્રેસના ૧૮થી વધુ ઉમેદવારોને ભાજપના કોઈ નેતા સંપર્ક ન કરી શકે તે રીતે અજ્ઞાત સ્થળે લઈ જવાયા છે.

આ અંગે શહેર કોંગ્રેસના પ્રમુખ રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું કે, આ વખતે શાસકપક્ષ સામે લોકોમાં રોષ અને આંતરિક વિખવાદોથી ભાજપને જીતવું અઘરું લાગતા તેને ફાયદો થાય તે રીતે કેટલાક તત્વોએ અમારા લો-પ્રોફાઈલ, શાંતિપ્રિય સભ્યોનો સંપર્ક સાધીને ફોર્મ પાછું ખેંચવા ધમકાવવા અને લલચાવવા પ્રયાસો કર્યાના ચાર-પાંચ કિસ્સા અમારા ધ્યાનમાં આવ્યા છે. આ અન્વયે અમે ૧૮ જેટલા ઉમેદવારોને તા. ૧૫ના રોજ ફોર્મ પાછું ખેંચવાની અંતિમ તારીખના અંતિમ સમય સુધી ગુપ્ત સ્થળે સાચવવાનો નિર્ણય લીધો છે. આ અંગે શહેર ભાજપ પ્રમુખ માધવ દવેએ કહ્યું, આવી વાત થાય છે પરંતુ, ભાજપને આવું કરવાનો સમય જ નથી.

આ ઉપરાંત રાજકોટમાં વોર્ડ નં. ૩,૭, ૧૫ સહિતના મોટાભાગના વોર્ડમાં જે સ્થાનિક નેતાઓ સક્ષમ છે તેમને તેમના વોર્ડની પેનલમાં કોઈ પણ ઉમેદવારને ડરાવવા કે લલચાવવા પ્રયાસ ન થાય તે માટે પેનલને અકબંધ રાખવા જવાબદારી અપાઈ છે.

રાજકોટ કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું કે અમારી લડત એ ભાજપ નામના શાસકપક્ષ સામે નથી પરંતુ, અંગ્રેજો જેવા પક્ષપાતી શાસકો સામે છે, તંત્ર પણ અમને કેટલું રક્ષણ, ન્યાય, સહયોગ આપે તે પણ સવાલ છે. કારણ કે સરકારી અધિકારીઓ ભાજપના કાર્યકરોની જેમ કામ કરે છે.

૧૫-૧૬ એપ્રિલ દરમિયાન એક નવો પશ્ચિમી વિક્ષેપ સક્રિય થશે

# ગુજરાતમાં હવામાનનો ડબલ એટેક ગરમી : કમોસમી વરસાદની શક્યતા

## દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમીની સાથે ભેજનું પ્રમાણ પણ વધશે. પણ, વિદર્ભના ભાગોમાં ગરમીનો આંક વધી શકે છે

અમદાવાદ, તા.૧૪

હવામાનમાં આવી રહેલા મોટા ફેરફારોને કારણે આગામી દિવસો ગુજરાત માટે પડકારજનક સાબિત થઈ શકે છે. એક તરફ સૂર્યદેવ પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવશે, તો બીજી તરફ પશ્ચિમ વિક્ષેપના કારણે વાતાવરણમાં પલટો આવવાની પણ શક્યતા છે.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે કરેલી આગાહી મુજબ ૧૫-૧૬ એપ્રિલ દરમિયાન એક નવો પશ્ચિમી વિક્ષેપ સક્રિય થશે, જેની અસર ૧૮થી ૨૨ એપ્રિલ દરમિયાન જોવા મળશે. આ ઉપરાંત ૨૦ એપ્રિલ દરમિયાન ગરમી તેના આકરા તેવર બતાવશે. મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં તાપમાનનો પારો ૪૪ ડિગ્રીને પાર કરી શકે છે.દેશભરમાં હવામાન ફરી એકવાર મોટો યુ-ટર્ન લેવા માટે તૈયાર છે. થોડા દિવસ પહેલા જ તોફાન અને વરસાદથી થોડી રાહત મળી છે. હવે, ગરમી તીવ્ર બની રહી છે. જોકે, ૧૫ એપ્રિલથી એક નવો પશ્ચિમી વિક્ષેપ સક્રિય થવાનો છે. આ સિસ્ટમના આગમનથી હવામાનની ગતિશીલતા સંપૂર્ણપણે બદલાઈ શકે છે. કેટલાક પ્રદેશોમાં જોરદાર પવન ફૂંકાશે, જ્યારે અન્ય વિસ્તારોમાં વરસાદ પડશે; અન્યત્ર, તાપમાનમાં અચાનક ઘટાડો થવાની ધારણા છે.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહીમાં જણાવ્યું છે કે, ગુજરાતમાં આગામી દિવસોમાં ગરમીનો આતંક વધવાની શક્યતા છે. એસી અને પંખાનો ધમધમાટ શરૂ થઈ જશે. ૧૪ એપ્રિલમાં ગરમી રૌદ્ર સ્વરૂપ બતાવશે. ૨૦મી તારીખ સુધીમાં ગરમીનો આતંક વધી જશે. મધ્ય ગુજરાતના ભાગોમાં ગરમીનો ઉકળાટ વધુ રહેશે. એપ્રિલના અંત સુધીમાં તો મધ્ય ગુજરાતના ભાગોમાં ગરમીનો આંક વધશે. કેટલાક ભાગોમાં ૪૪ ડિગ્રીથી વધારે ગરમી પડવાની શકયતા છે. ઉત્તર ગુજરાતના ભાગોમાં ગરમી અકળાવી શકે છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છ, દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં પણ ગરમી વધવાની શક્યતા છે.આ સાથે તેમણે જણાવ્યું છે કે, દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમીની સાથે ભેજનું પ્રમાણ પણ વધશે. પણ, વિદર્ભના ભાગોમાં ગરમીનો આંક વધી શકે છે. તારીખ ૧૬-૧૭થી બીજો પશ્ચિમી વિક્ષેપ આવતા ગુજરાતમાં વાદળો આવવાની શક્યતા રહેશે. ૧૮થી ૨૨ એપ્રિલ સુધી તેની અસર ગુજરાતના ભાગોમાં થવાની રહેશે. જેના કારણે ગુજરાતમાં વાદળવાયું, કોઈક કોઈક ભાગમાં પ્રી-મોન્સૂનનો વરસાદ અને ક્યાંક છાંટા થઈ શકે છે. ઉત્તર, મધ્ય, સૌરાષ્ટ્ર અને દક્ષિણના ભાગોમાં હવામાનમાં પલટો આવવાની શક્યતા રહેશે.

૨૬ એપ્રિલ બાદ હવામાનમાં પલટો આવવાની શક્યતા છે. દેશના કેટલાક ભાગોમાં વરસાદની સાથે મેઘગર્જના સાથે કરા પડવાની પણ શક્યતા રહેશે. ત્યાર બાદ મેની શરૂઆતમાં અને ૧૧થી ૨૦ મે દરમિયાન કાળી આંધી અને વંટોળિયા આવી શકે છે. હવે ધીરે ધીરે પવનની ગતિ વધશે.

૭૦૦૦ કરોડનું ટર્નઓવર ઠપ્પ

# યુદ્ધની જ્વાળાઓમાં મોરબીનો સિરામિક ઉદ્યોગ હોમાયો

## યુદ્ધના કારણે નિકાસના માર્ગો પ્રભાવિત થતા ગત એક માસમાં કંડલા અને મુન્દ્રા પોર્ટ પરથી ૭૦૦થી વધુ કન્ટેનરો પરત ફર્યા

મોરબી, તા.૧૪

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વણસેલી યુદ્ધની સ્થિતિની સીધી અસર મોરબીના વિશ્વવિખ્યાત સિરામિક ઉદ્યોગ પર જોવા મળી રહી છે. છેલ્લા એક માસથી ઉત્પાદન એકમો પર તાળા લટકતા અંદાજે સાત હજાર કરોડ રૂપિયાનું ટર્નઓવર જામ થઈ ગયું છે. આ પ્રતિકૂળ સંજોગોને કારણે પ્રત્યેક કારખાનેદારના શિરે ૫૦ લાખથી ૧.૫૦ કરોડ રૂપિયા સુધીના નુકસાનનો પહાડ આવી પડ્યો છે. માત્ર સિરામિક જ નહીં, પરંતુ તેની સાથે જોડાયેલા પેપર મિલ ઉદ્યોગની હાલત પણ કફોડી બની છે અને તેના પર ૩૬ કરોડ રૂપિયાનું વધારાનું આર્થિક ભારણ આવ્યું છે.મોરબી સિરામિક એસોસિએશનના પ્રમુખ મનોજભાઈ એરવાડિયાએ મીડિયાને જણાવ્યું હતું કે, મોરબીમાં કાર્યરત ૬૫૦ જેટલા સિરામિક એકમો વાર્ષિક ૬૦ હજારથી ૭૦ હજાર કરોડ રૂપિયાનું ટર્નઓવર ધરાવે છે. જોકે, છેલ્લા એક મહિનાથી ગેસના પુરવઠામાં સર્જાયેલી અછતને પગલે ઉત્પાદન પ્રક્રિયા અટકાવી દેવી પડી છે, જેના પરિણામે અંદાજે સાત હજાર કરોડ રૂપિયાનું ટર્નઓવર અટકી ગયું છે. પ્રોપેન ગેસનો પુરવઠો ખોરવાતા અને નેચરલ ગેસની પૂરતી ઉપલબ્ધતા ન રહેતા સિરામિકના ભઠ્ઠા શાંત થઈ ગયા છે.યુદ્ધના કારણે



નિકાસના માર્ગો પ્રભાવિત થતા ગત એક માસમાં કંડલા અને મુન્દ્રા પોર્ટ પરથી ૭૦૦થી વધુ કન્ટેનરો પરત ફર્યા છે. આ સિવાય આશરે ૭૦૦થી ૮૦૦ જેટલા કન્ટેનરો વિદેશી બંદરો પર અધ્ધરતાલ ફસાયેલા છે. આ વિલંબને કારણે ઉદ્યોગપતિઓએ કન્ટેનર દીઠ ૫૦ હજારથી ૧.૫૦ લાખ રૂપિયા સુધીનો વધારાનો આર્થિક બોજ સહન કરવો પડી રહ્યો છે. આટલી મોટી નુકસાનીની ભરપાઈ કરવી ઉદ્યોગકારો માટે અત્યારે મુશ્કેલ સાબિત થઈ રહી છે.બીજી તરફ પેપર મિલ એસોસિએશનના પ્રમુખ શૈલેષભાઈ પટેલે મીડિયાને જણાવ્યું હતું કે, મોરબીની પેપર મિલોમાં માસિક ૧.૫૬ લાખ ટન પેપર પ્રોડક્ટ્સનું ઉત્પાદન થાય છે. જોકે, છેલ્લા ૪૦ થી ૪૫ દિવસથી ચાલી રહેલા યુદ્ધને કારણે પ્રોડકશન ક્ષમતામાં ૩૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. હાલમાં મિલો માત્ર ૬૦થી ૭૦ ટકા ક્ષમતા પર જ કાર્યરત હોવાથી અંદાજે ૪૫ હજાર ટન જેટલું ઉત્પાદન ઘટ્યું છે.વેસ્ટ પેપરના ભાવમાં થયેલા તોતિંગ વધારાએ પેપર મિલ માલિકોની મુશ્કેલી વધારી છે. યુદ્ધના કારણે આયાતી વેસ્ટ પેપરના ભાવમાં ટન દીઠ ૨૫ ડોલરનો ઉછાળો આવ્યો છે. આ ભાવવધારાને લીધે મોરબીના પેપર મિલ ઉદ્યોગકારો પર માસિક ૩૬ કરોડ રૂપિયાનું ભારણ વધ્યું છે. આગામી સમયમાં આ વધારાના ખર્ચની અસર તૈયાર માલના ભાવ પર પણ પડશે, જેના કારણે પેપર પ્રોડક્ટ્સ મોંઘી થવાની પૂરેપૂરી શક્યતા છે.

કેરોસીનનો ઉપયોગ રાંધવા તથા પ્રકાશ માટે જ કરી શકાશે

# અમદાવાદ જિલ્લાના ૯ તાલુકાના એક-એક પેટ્રોલપંપ પરથી કેરોસીનનું વિતરણ થશે

## કેરોસીન ફાળવણી માટેની અરજીઓ સ્વીકારવા માટે NIC દ્વારા ખાસ ઓનલાઈન પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું

અમદાવાદ, તા.૧૪

રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં **LPG** ઉપરાંત કેરોસીન વિતરણ કરવા માટેનું આયોજન કરાયું છે. જેમાં અમદાવાદ ગ્રામ્યના **9** તાલુકાના એક-એક પેટ્રોલપંપ પરથી કેરોસીનનું વિતરણ કરવામાં આવશે. આ કેરોસીન ગ્રામીણ વિસ્તાર માટે રહેશે અને તેનો ઉપયોગ ફક્ત રાંધવા માટે તથા પ્રકાશની વ્યવસ્થા કરવા માટે જ કરી શકાશે. પરિવાર દીઠ **5** લીટર અને સંસ્થા દીઠ **25** લીટર કેરોસીનનો પુરવઠો અપાશે. આ માટે કેરોસીનના પ્રતિ લિટરના ભાવ **61.96**થી **62.69** નક્કી કરવામાં આવ્યા છે. **1** ટેન્કર એટલે કે **12** હજાર લીટર કેરોસીનની માગણી મળ્યા બાદ જથ્થો મોકલવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા કેન્દ્ર સરકારની સૂચનાનુસાર રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં **LPG** ઉપરાંત કેરોસીનના વિતરણની વધારાની વ્યવસ્થા કેરોસીન ડિલર એસોસિયેશન તથા ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સાથે ગોઠવવામાં આવેલી છે.

કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત રાજ્યને કુલ **1452 KL** કેરોસીન ફાળવવામાં આવ્યું છે. ગુજરાત સરકાર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં **36 KL** કેરોસીનની ફાળવણી કરવામાં આવી છે. આ કેરોસીનનું વિતરણ ગ્રામીણ વિસ્તારોમાં કરવામાં આવશે, જેમાં પરિવાર દીઠ **5** લિટર તથા સંસ્થાઓ દીઠ **25** લિટર વિતરણ કરવામાં આવશે. આ કેરોસીનનો ઉપયોગ ફક્ત રાંધવા માટે તેમજ પ્રકાશની વ્યવસ્થા કરવા માટે કરી શકાશે.કેરોસીન ફાળવણી માટેની અરજીઓ સ્વીકારવા માટે **NIC** દ્વારા ખાસ ઓનલાઈન પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે. જે ગત સોમવારથી ચાલુ છે. જિલ્લાના દરેક ગ્રામીણ તાલુકામાં પેટ્રોલપંપ પરથી કેરોસીન વિતરણની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં અમદાવાદ ગ્રામ્યમાં પણ **9** જેટલા પેટ્રોલપંપ પરથી કેરોસીન વિતરણની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં માંડલ, દેત્રોજ, વિરમગામ, સાણંદ, બાવળા, દસક્રોઈ, ધોળકા, ધંધુકા અને ધોલેરા તાલુકાના એક-એક પેટ્રોલપંપ પરથી કેરોસીનનું વિતરણ કરવામાં આવશે. જિલ્લા સ્તરે ઓછામાં ઓછા **12000** લિટર કેરોસીનની **(1** ટેન્કર લોડ**)** ઓનલાઈન માગણી મળ્યેથી કેરોસીનનું વિતરણ દરેક તાલુકાના એક પેટ્રોલ પંપ પરથી કરવામાં આવશે. ટ્રાન્સપોર્ટ તથા બીજા ખર્ચને ધ્યાનમાં લઈને કેરોસીન વિતરણ માટે ભાવ બાંધણી કરવામાં આવેલી છે. જે પ્રતિ લીટર ~ **61.96**થી ~ **62.69** વચ્ચે નિયત કરવામાં આવી છે.

નર્મદા પરિક્રમા કરવા ભક્તોનો ભારે ઘસારો

# નર્મદા પંચકોશી પરિક્રમા હવે તેના અંતિમ ચરણમાં પહોંચી ગઈ

## અત્યાર સુધીમાં અંદાજે ૮ લાખ જેટલા પરિક્રમાવાસીઓએ નર્મદા મૈયાની પરિક્રમા કરી છે ગત શનિ-રવિની રજાઓ દરમિયાન જ દોઢ લાખ જેટલા ભક્તો નોંધાયા

અમદાવાદ,તા.૧૪

નર્મદા પંચકોશી પરિક્રમા હવે તેના અંતિમ ચરણમાં પહોંચી ગઈ છે. આગામી અમાસના દિવસે આ પરિક્રમા પૂર્ણ થશે, જેને હવે માત્ર ૪ દિવસ બાકી છે. શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને અત્યાર સુધીમાં અંદાજે ૮ લાખ જેટલા પરિક્રમાવાસીઓએ નર્મદા મૈયાની પરિક્રમા કરી છે. ગત શનિ-રવિની રજાઓ દરમિયાન જ દોઢ લાખ જેટલા ભક્તો નોંધાયા હતા, જેના કારણે રાત્રિના સમયે પણ પરિક્રમાના માર્ગો ભક્તોથી ઉભરાયા હતા અને પાર્કિંગ સુવિધાઓ પણ ટૂંકી પડી હતી.

નર્મદા પરિક્રમા હવે પૂર્ણાહુતિના આરે છે ત્યારે ભક્તોનો પ્રવાહ સતત વધી રહ્યો છે. વચ્ચેના ૧૦ થી ૧૨ દિવસ દરમિયાન રાજ્યની શાળાઓમાં વાર્ષિક પરીક્ષાઓ ચાલતી હોવાથી ભીડમાં થોડો ઘટાડો જોવા મળ્યો હતો. પરંતુ હવે પરીક્ષાઓ પૂર્ણ થતા જ ફરી એકવાર શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે. ગત સપ્તાહમાં થયેલો ભારે ધસારો જોતા બાકીના દિવસોમાં પણ ભક્તોની સંખ્યામાં મોટો વધારો થવાની શક્યતા છે.

હાલ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થઈ હોવાથી વહીવટી તંત્ર અને સુરક્ષા દળોના જવાનોને ચૂંટણીલક્ષી કામગીરીમાં તૈનાત કરવામાં આવ્યા છે. વહીવટી તંત્રની વ્યસ્તતા વચ્ચે પણ ભક્તો પોતાની અખૂટ શ્રદ્ધા સાથે કોઈ પણ પ્રકારની ફરિયાદ વગર શાંતિપૂર્ણ રીતે પરિક્રમા કરી રહ્યા છે. શ્રદ્ધાળુઓ પોતાની રીતે જ વ્યવસ્થાઓ જાળવીને ભક્તિભાવપૂર્વક પાવન પરિક્રમા પૂર્ણ કરી રહ્યા છે.

ભારતીય સંસ્કૃતિમાં આસ્થા અને સાધનાનું કેન્દ્ર ગણાતી 'ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા'નો ગુરુવારે (૧૯ માર્ચ ૨૦૨૬) ચૈત્ર સુદ એકમથી વિધિવત પ્રારંભ થયો છે. એક મહિના સુધી ચાલનારી આ આસ્થાની યાત્રા ૧૮ એપ્રિલ ૨૦૨૬(ચૈત્ર વદ અમાસ)ના રોજ પૂર્ણ થશે.

## શામળાજી ચેકપોસ્ટ પર વાહનોનું સઘન ચેકિંગ

અમદાવાદ,તા.૧૪

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે, ત્યારે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર સજ્જ બન્યું છે. ખાસ કરીને ગુજરાત અને રાજસ્થાનની સરહદે આવેલા અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક અણસોલ ચેકપોસ્ટ પર પોલીસ દ્વારા કડક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.

ચૂંટણીના માહોલમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થાય તે હેતુથી પોલીસ અત્યારથી જ એક્શન મોડમાં જોવા મળી રહી છે.સરહદ પારથી આવતા નાના-મોટા તમામ વાહનોની પોલીસ દ્વારા બારીકાઈથી તપાસ કરવામાં આવી રહી છે. ખાસ કરીને રાજસ્થાન તરફથી આવતી ખાનગી લકઝરી બસો, કાર અને ટ્રકોને અટકાવીને તેમાં કોઈ પ્રતિબંધિત ચીજવસ્તુઓ છે કે નહીં તેની ખાતરી કરવામાં આવી રહી છે.

માલિક પંડયા નિરવ અનિલભાઈ મુદ્રક બિપીન જગદીશચંદ્ર ઉપાધ્યાય દ્વારા ઉપાધ્યાય પ્રિન્ટર્સ, પ્લોટ નં.૨૩૦૫, જીઆઈડીસી એસ્ટેટ, પાનોલી ૩૯૪૧૧૬, જી.ભરૂચ, ગુજરાત ખાતે મુદ્રિત કરી પ્રકાશક તેમજ સંપાદક પંડયા નિરવ અનિલભાઈએ બી/૧૩, ભાવના ફાર્મ, રાજપીપળા રોડ, અંકલેશ્વર, તા.અંકલેશ્વર,જી.ભરૂચ, ગુજરાત રાજય ખાતે સંપાદિત કરી પ્રકાશિત કર્યું.
OWNED PANDYA NIRAV ANILBHAI, PRINTED BY PRINER BIPIN JAGDISHCHANDRA UPADHYAY AT UPADHYAY PRINTERS, PLOT NO. 2305, GIDC ESTATE, PANOLI-394116, DIST. BHARUCH, GUJARAT STATE, EDITED AND PUBLISHED BY PANDYA NIRAV ANILBHAI AT :B/13, BHAVNA FARM, RAJPIPLA ROAD, ANKLESHWAR, TA.ANKLESHWAR, DIST.BHARUCH, GUJARAT STATE.